રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 257 | Dt. 28-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

સેકન્ડ ક્લાસ દરજ્જો નહીં ચાલે : ભારત

વીટો પાવર વગરની UNSCની સદસ્યતા સ્વીકારવાનો ભારતનો સ્પષ્ટ ઇનકાર

નવી દિલ્હી, તા.૨૭

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાને લઈ પોતાનું સ્પષ્ટ વલણ રજૂ કર્યું છે. ભારતે કહ્યું કે, વીટો પાવર વિના કાયમી સભ્યપદ આપવું એ 'સેકન્ડ ક્લાસ સ્ટેટસ' સમાન છે, જે ભારત સ્વીકારશે નહીં. રાજદૂત હરીશ પર્વથનેનીએ તમામ કાયમી સભ્યોને સમાન અધિકાર અને જવાબદારીઓ આપવાની માંગ કરી છે. ભારતે ચેતવણી આપી છે કે વીટો પાવર વિના નવા સભ્યો બનાવવાથી તેઓ બીજા દરજ્જાના બની જશે.



સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં સુધારાને લઈને ભારતે ફરી એકવાર પોતાનું સ્પષ્ટ વલણ રજૂ કર્યું છે. ભારતે કહ્યું છે કે વીટો પાવર વિના કાયમી સભ્યપદ આપવું એ 'સેકન્ડ ક્લાસ સ્ટેટસ' સમાન છે અને ભારત આવી વ્યવસ્થા સ્વીકારશે નહીં. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત હરીશ પર્વથનેનીએ સુરક્ષા પરિષદમાં સુધારા માટે તમામ કાયમી સભ્યોને સમાન અધિકાર અને જવાબદારીઓ આપવાની માગ કરી છે. સોમવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં આંતર-સરકારી વાટાઘાટોની પૂર્ણ બેઠક દરમિયાન 'વીટોનો મુદ્દો' ઉઠાવતા પર્વથનેનીએ કહ્યું કે જ્યાં સુધી વીટોની જોગવાઈ ચાલુ રહેશે, ત્યાં સુધી સુધારા પછી રચાનારી સુરક્ષા પરિષદના તમામ કાયમી સભ્યોને આ અધિકાર મળવો જોઈએ. તેમના મતે, સમાનતા અને ન્યાયની માગ છે કે તમામ કાયમી સભ્યોને સમાન અધિકાર મળે.

ભારતે ચેતવણી આપી છે કે વીટો પાવર વિનાના લાંબા ગાળાના સભ્યોની નવી શ્રેણી બનાવવાથી તેમને વાસ્તવમાં બીજા દરજ્જાના સભ્યો બનાવી દેવામાં આવશે. આવી વ્યવસ્થાથી સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યો-અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાન્સ-ની નિર્ણય લેવાની સત્તામાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. પર્વથનેનીએ કહ્યું કે કાયમી સભ્યોની નવી શ્રેણી બનાવવાથી, પછી તેમને વીટો પાવર આપવામાં આવે કે નહીં, સુધારાની ચર્ચા વધુ જટિલ બનશે. તેનાથી જે અસમાનતા દૂર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, તે વધુ ઊંડી થઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું કે સમયાંતરે ચૂંટણી દ્વારા ચૂંટાતા સભ્યપદ અને કાયમી સભ્યપદની વિભાવનાઓ મૂળભૂત રીતે એકબીજાથી અલગ છે.

ભારતના રાજદૂતે સુરક્ષા પરિષદના ૧૯૬૫ના વિસ્તરણનો ઉલ્લેખ કર્યો હતો. તે સમયે અસ્થાયી સભ્યોની સંખ્યા ૬થી વધારીને ૧૦ કરવામાં આવી હતી, જ્યારે કાયમી સભ્યોની સંખ્યા પાંચ જ રાખવામાં આવી હતી. તેના કારણે કાયમી અને ચૂંટાયેલા સભ્યોનો ગુણોત્તર ૫:૬થી બદલાઈને ૫:૧૦ થયો હતો. ભારતના મતે, આ ફેરફારથી પાંચ કાયમી સભ્યોની નિર્ણય પ્રક્રિયા પરની પકડ વધુ મજબૂત બની હતી. ભારતે કહ્યું છે કે વીટો પાવરને મર્યાદિત કરવાના મુદ્દા પર સુરક્ષા પરિષદના અન્ય સુધારાઓથી અલગ રહીને વિચાર કરી શકાય નહીં. સભ્યપદની શ્રેણીઓ, પ્રાદેશિક પ્રતિનિધિત્વ, પરિષદનું કદ અને તેની કાર્યપદ્ધતિ જેવા મુદ્દાઓને પણ સાથે ધ્યાનમાં લેવા જોઈએ.

ભારત લાંબા સમયથી સુરક્ષા પરિષદમાં કાયમી અને અસ્થાયી બંને પ્રકારના સભ્યપદની સંખ્યા વધારવાની માગ કરી રહ્યું છે. ભારતનું કહેવું છે કે ૧૯૪૫માં રચાયેલી સુરક્ષા પરિષદ ૨૧મી સદીની ભૌગોલિક-રાજકીય વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી. ભારત ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે અસ્થાયી બેઠક મેળવવાનો પ્રયાસ પણ કરી રહ્યું છે. આ બેઠક માટેની ચૂંટણી જૂન ૨૦૨૭માં યોજાવાની છે, જેમાં એશિયા-પ્રશાંત જૂથની એક બેઠક માટે ભારત અને તાજિકિસ્તાન વચ્ચે મુકાબલો થવાનો છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે સુરક્ષા પરિષદમાં સુધારાની પ્રક્રિયા સ્પષ્ટ સમયમર્યાદા અને નિર્ધારિત લક્ષ્યાંકો સાથે આગળ વધવી જોઈએ. તેના માટે લેખિત દરખાસ્તો આધારિત વાટાઘાટો શરૂ કરવાની પણ માગ કરવામાં આવી છે.

શું છે વીટો પાવર?

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યોને વીટો પાવરનો વિશેષ અધિકાર મળેલો છે. તેના આધારે કોઈ એક કાયમી સભ્ય મહત્ત્વના પ્રસ્તાવને અટકાવી શકે છે, ભલે અન્ય સભ્યો તેના સમર્થનમાં હોય. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા, પ્રતિબંધો, સૈન્ય કાર્યવાહી તથા નવા સભ્યોના પ્રવેશ જેવા મુદ્દાઓ પર આ અધિકાર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતનું વલણ છે કે સુરક્ષા પરિષદમાં વાસ્તવિક સુધારા માટે માત્ર અસ્થાયી સભ્યોની સંખ્યા વધારવી પૂરતી નથી. કાયમી સભ્યપદ, વીટો પાવર અને તમામ સભ્યોના સમાન અધિકારો અંગે પણ નિર્ણય લેવો જરૂરી છે.

પાંચ રાજ્યોમાં અધિકારીઓની મોટા પાયે થશે બદલી

વિધાનસભા ચૂંટણી પહેલા ECની મોટી કાર્યવાહી

નવી દિલ્હી, તા.૨૭

આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા વહીવટી તંત્રમાં મોટો ફેરબદલ કરવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે. ચૂંટણી પંચે ગોવા, મણિપુર, પંજાબ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ એમ ૫ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને ચૂંટણી સાથે સીધા જોડાયેલા અધિકારીઓની તાત્કાલિક બદલી કરવા નિર્દેશ આપ્યા છે. આ આદેશનું પાલન કરીને તમામ રાજ્યોએ ૩૦ નવેમ્બર સુધીમાં પોતાનો રિપોર્ટ ચૂંટણી પંચને સોંપવો પડશે.



ચૂંટણી પંચના આદેશ મુજબ મુખ્યત્વે ૨ પ્રકારના અધિકારીઓ પર બદલીની અસર પડશે. એવા તમામ અધિકારીઓ, જેઓ છેલ્લા ૪ વર્ષ દરમિયાન એક જ જિલ્લામાં ૩ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવી રહ્યા છે. આ ઉપરાંત એવા અધિકારીઓ, જેઓ હાલમાં પોતાના ગૃહ જિલ્લામાં પોસ્ટેડ છે. આ બંને શ્રેણીમાં આવતા અધિકારીઓને વર્તમાન જિલ્લામાંથી હટાવીને અન્ય જિલ્લામાં બદલી કરવામાં આવશે.

આ નિયમ એ તમામ સરકારી બાબુઓ અને અધિકારીઓ પર લાગુ થશે જેઓ ચૂંટણી કામગીરી સાથે સીધા જોડાયેલા છે. તેમાં જિલ્લા કક્ષાના વહીવટી અધિકારીઓ (જેમ કે ડેપ્યુટી કલેક્ટર, એસડીએમ) તેમજ પોલીસ અધિકારીઓ (જેમ કે ડીએસપી, પીઆઇ વગેરે) સામેલ છે. આ ઉપરાંત પરિવહન, દારૂબંધી અને આબકારી વિભાગના અધિકારીઓની પણ બદલી કરવામાં આવશે.

ચૂંટણી પંચનું માનવું છે કે કોઈ અધિકારી લાંબા સમય સુધી એક જ જિલ્લામાં ફરજ બજાવે તો સ્થાનિક સ્તરે તેમના સંપર્કો અને પ્રભાવ વધી જાય છે. પરિણામે ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા પ્રભાવિત થવાનું જોખમ રહે છે. ચૂંટણીઓ સંપૂર્ણપણે ભયમુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક વાતાવરણમાં યોજાય તે સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચ દ્વારા આ નિયમિત પ્રક્રિયાના ભાગરૂપે કડક પગલાં લેવામાં આવ્યા છે.

અરાજકતા ફેલાવતા લોકોથી ચેતો : CM

દિલ્હીમાં ભુપેન્દ્ર પટેલના વિપક્ષ પર આકરા પ્રહારો

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે ગુર્જર મહાસભાનું ભવ્ય સંમેલન યોજાયું હતું, જેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. તેમણે સરદાર પટેલના વિચારો અને પીએમ મોદીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને બિરદાવવા સાથે ખેતી ક્ષેત્રે સમાજના યોગદાનને રેખાંકિત કર્યું હતું. આ દરમિયાન તેમણે વડાપ્રધાન વિરુદ્ધ વિવેકહીન નિવેદનબાજી કરનારા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતા.



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ દિલ્હીના પ્રવાસે છે. તેઓએ દિલ્હીના ઐતિહાસિક તાલકટોરા સ્ટેડિયમ ખાતે આયોજિત રાષ્ટ્રીય ગુર્જર સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. અખિલ ભારતીય ગુર્જર મહાસભા દ્વારા આયોજિત આ સંમેલન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧ મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં રાખવામાં આવ્યું છે, જેમાં દેશભરમાંથી સામાજિક અને રાજકીય અગ્રણીઓ એકઠા થયા છે.

કાર્યક્રમમાં સમાજના શૈક્ષણિક, સામાજિક સુધારા અને યુવા રોજગારી જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ખાસ મહાસભામાં દેશભરમાંથી પાટીદાર, કુર્મી તેમજ ગુર્જર સમાજના કદાવર નેતાઓ, કેન્દ્રીય મંત્રીઓ અને વિવિધ રાજ્યોના મંત્રીઓ સહિત બહોળી સંખ્યામાં સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અહીં તેમનું પરંપરાગત અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

મહાસભામાં વિશાળ જનમેદનીને સંબોધિત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ માત્ર એક સંમેલન નથી પરંતુ રાષ્ટ્રસેવા, અખંડિતતા અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો પવિત્ર અવસર છે. સરદાર સાહેબે હંમેશાં ખેડૂતો અને કિસાન શક્તિને એક તાંતણે બાંધવાનું કામ કર્યું હતું. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમના જ દુરંદેશી વિચારોને આગળ ધપાવી રહ્યા છે અને સરદાર સાહેબની વિરાટ પ્રતિભાને વૈશ્વિક ઓળખ અપાવવા માટે જ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કર્યું છે. આધુનિક કૃષિ અને પશુપાલન ક્ષેત્રે ગુર્જર, પાટીદાર અને કુર્મી સમાજની ભૂમિકા અતિ મહત્વની રહી છે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાના લક્ષ્યમાં પણ આ સમાજ પાયાનો પથ્થર સાબિત થશે.

પોતાના સંબોધનના અંતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિરુદ્ધ અશોભનીય નિવેદનબાજી કરનારા વિપક્ષી નેતાઓ અને ખાસ કરીને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પર નામ લીધા વિના આકરા પ્રહાર કર્યા હતા. તેમણે "કેટલાક લોકો દેશમાં અરાજકતા ફેલાવવા માગે છે" તેમ કહીને રાજકારણમાં ભાષાની મર્યાદા અને વિવેક ચૂકતા વિપક્ષી નેતાઓની કડક શબ્દોમાં ટીકા કરી હતી.

દેશના ૧૦ રાજ્યોમાં ઍલર્ટ, ૧૭૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે

વાવાઝોડું 'અર્નબ' આજે ત્રાટકશે આંધ્રપ્રદેશના દરિયા કાંઠે

નવી દિલ્હી, તા.૨૭

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' હવે અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરીને ઝડપથી કિનારા તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આ વાવાઝોડું આજે ૨૮ની સવારે આંધ્રપ્રદેશના બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે, યનમ નજીકના દરિયાકાંઠે ત્રાટકવાની શક્યતા છે. લેન્ડફોલ સમયે દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ઝડપ ૧૨૫ થી ૧૩૫ કિમી પ્રતિ કલાક રહી શકે છે, જ્યારે પવનના તેજ ઝાપટાં ૧૭૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાનું અનુમાન છે. વાવાઝોડાના પગલે આંધ્રપ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ અને તેલંગાણા સહિત દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ અને તોફાની પવનનું મોટું જોખમ તોળાઈ રહ્યું છે.



ચક્રવાત અર્નબ હાલ પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાં સક્રિય રહી પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે. કાંઠા પર પહોંચતાની સાથે જ દરિયામાં વિશાળ મોજાં ઉછળવાની અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની ભારે આશંકા છે. પૂર્વ ગોદાવરી જિલ્લાના કાકીનાડા અને યનમ આસપાસ દરિયાઈ જળસ્તરમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. સાવચેતીના ભાગરૂપે કાકીનાડા બંદરે તમામ માછીમારી બોટો લંગારી દેવાઈ છે અને માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના અપાઈ છે.

વાવાઝોડાની અસરથી વિશાખાપટ્ટનમમાં ભારે પવન અને મુશળધાર વરસાદ શરૂ થઈ ગયો છે. શહેરના કોન્વેન્ટ જંકશન ખાતે રેલવે ટ્રેક નીચે બનેલા સબવેમાં પાણી ભરાઈ જવાથી વાહનવ્યવહાર ખોરવાયો છે. શહેરમાં અનેક સ્થળોએ વિશાળ વૃક્ષો ધરાશાયી થવાના અહેવાલ છે, જેમાં મહારાણીપેટા વિસ્તારમાં એક ઘર પર મોટું વૃક્ષ પડ્યું હતું. સરકારી ઈએનટી હોસ્પિટલ નજીક અને વાયએમસીએ બીચ વિસ્તારમાં ભારે પવન સાથે નુકસાન નોંધાયું છે, જ્યાં પાલિકા અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો કાટમાળ હટાવી રસ્તાઓ ખુલ્લા કરી રહી છે. મુસાફરોની સલામતીને ધ્યાને રાખીને દક્ષિણ મધ્ય રેલવે (SCR) અને સાઉથ કોસ્ટ રેલવેએ વિશેષ સાવચેતીના પગલાં લીધા છે.

તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં ભારે વરસાદના રેડ ઍલર્ટને પગલે અસરગ્રસ્ત રૂટ પરથી પસાર થતી ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે અથવા તેમના રૂટ બદલવામાં આવ્યા છે. રેલવે પ્રશાસને મુસાફરોને મુસાફરી શરૂ કરતાં પહેલાં ટ્રેનનું સ્ટેટસ તપાસી લેવા અનુરોધ કર્યો છે.

ફાઈનલ મતદાર યાદીમાંથી ૧.૦૮ કરોડ નામ ગાયબ

SIR : કર્ણાટકમાં ચૂંટણી પંચની આકરી કાર્યવાહી



નવી દિલ્હી, તા.૨૭

કર્ણાટકમાં ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન બાદ અંતિમ મતદાર યાદી જાહેર કરી છે. આ પ્રક્રિયામાં ૧.૦૮ કરોડ મતદારોના નામ યાદીમાંથી દૂર કરાયા છે, જે કુલ મતદારોના ૧૯.૪૮% છે. વેરિફિકેશન અને એન્યુમરેશન ફોર્મ ન મળવાને કારણે આ કાર્યવાહી થઈ છે. કુલ ૪.૪૬ કરોડ પાત્ર મતદારોને આખરી યાદીમાં સ્થાન મળ્યું છે. ચૂંટણી પંચે અજ્ઞાત એટલે કે ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા અને ડુપ્લિકેટ મતદારોની ચકાસણી કરી હતી.

કર્ણાટકમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(જ્ઈછ) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચૂંટણી પંચ દ્વારા અંતિમ મતદાર યાદી જાહેર કરી દેવામાં આવી છે. સામે આવેલા સત્તાવાર આંકડા અનુસાર, રાજ્યના આશરે ૧.૦૮ કરોડ મતદારોના નામ ફાઈનલ લિસ્ટમાંથી હટાવી દેવામાં આવ્યા છે, જે કુલ મતદારોના લગભગ ૧૯.૪૮ ટકા જેટલા થાય છે. એન્યુમરેશન ફોર્મ જમા ન થવા તેમજ વેરિફિકેશન પ્રક્રિયાને પગલે આ નામો કમી કરાયા છે. ચૂંટણી પંચની સઘન તપાસ અને સુનાવણી બાદ ૬૧,૮૬૭ લોકોને અયોગ્ય ઠેરવવામાં આવ્યા છે, જ્યારે કુલ ૪.૪૬ કરોડ પાત્ર મતદારોને આખરી યાદીમાં સ્થાન મળ્યું છે.

મતદાર યાદીને સંપૂર્ણ સચોટ અને પારદર્શક બનાવવા માટે પંચે મોટા પાયે અજ્ઞાઉ એટલે કે ગેરહાજર, કાયમી સ્થળાંતરિત, મૃત્યુ પામેલા અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ કરી છે. આંકડા મુજબ, ૬૫,૪૫,૬૭૯ મતદારો (૧૧.૮૧%) કાયમી ધોરણે અન્ય સ્થળે સ્થળાંતરિત થઈ ગયા છે. ૧૯,૦૦,૯૨૬ મતદારો (૩.૪૩%) પોતાના નોંધાયેલા સરનામે ગેરહાજર મળ્યા હતા. ૧૬,૩૯,૮૬૪ મતદારો (૨.૯૬%) મૃત્યુ પામ્યા હોવાનું સામે આવ્યું છે. ૭,૦૯,૮૭૦ મતદારો(૧.૨૮%)ના નામ ડુપ્લિકેટ અથવા એક કરતાં વધુ સ્થળે નોંધાયેલા હતા.

સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રહે તે માટે અધિકારીઓ દ્વારા કુલ ૪૩,૮૨,૮૨૪ નોટિસ પાઠવવામાં આવી હતી અને તમામ કેસોમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણીના અંતે ૪૩,૨૦,૯૫૭ કેસોને અંતિમ યાદીમાં સમાવવા માટે સુરક્ષિત રખાયા છે. આ ઉપરાંત અન્ય ૪,૦૨,૫૩,૧૫૧ યોગ્ય મતદારોને પણ યાદીમાં સામેલ કરાયા છે. જોકે નોટિસ અને તપાસ બાદ ૬૧,૮૬૭ મતદારો અયોગ્ય સાબિત થતાં તેમને ફાઇનલ લિસ્ટમાંથી કાયમ માટે બાકાત રાખવામાં આવ્યા છે.

કર્ણાટકના મુખ્ય ચૂંટણી કમિશનર અંબુ કુમારે મતદાર યાદી અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, '૧૬ જૂન, ૨૦૨૬ સુધીમાં ઇલેક્ટોરલ રોલમાં નોંધાયેલા આશરે ૫.૫૪ કરોડ મતદારોમાંથી અંદાજે ૧.૦૮ કરોડ ડ્રાફ્ટ રોલમાં નહોતા. જેમાં લગભગ ૧૮ લાખ મૃત્યુ પામેલા અને આશરે ૭ લાખ ડુપ્લિકેટ મતદારો હતા. આમ, લગભગ ૨૫ લાખ મતદારો કાં તો મૃત હતા અથવા ડુપ્લિકેટ હતા.' તેમણે વધુમાં ઉમેર્યું કે, 'ડ્રાફ્ટ રોલ બહાર રહેલા લોકોમાંથી અમે છેલ્લા અઢી મહિનામાં ૮.૧૯ લાખથી વધુ મતદારોની નવી નોંધણી કરી શક્યા છીએ અને આ ઝુંબેશ આગળ પણ ચાલુ રહેશે. જે પણ પાત્ર નાગરિકોના નામ છૂટી ગયા હોય તેઓ ફોર્મ ૬ ભરીને અરજી કરી શકે છે, ચકાસણી બાદ તેમના નામ ઉમેરી દેવાશે.'

છૂટી ગયેલા મતદારો ફોર્મ ૬ ભરી શકશે

મતદાર નોંધણી અભિયાન અંગે અંબુ કુમારે વધુમાં જણાવ્યું કે, 'અમે ઘણી વિશેષ ઝુંબેશ ચલાવી છે અને મોટો પ્રચાર કર્યો છે. તમામ રાજકીય પક્ષો અને તેમના પ્રતિનિધિઓએ પણ સંપૂર્ણ સહયોગ આપ્યો છે. મારા મતે કર્ણાટકમાં એવો કોઈ વિસ્તાર નથી જ્યાં લોકોને આ અંગે માહિતગાર ન કરાયા હોય. મને વિશ્વાસ છે કે દરેક યોગ્ય મતદાર ઋજ્ઞાળિ ૬નો ઉપયોગ કરીને ફરી અરજી જરૂર કરશે.'







ગીર સોમનાથ-જૂનાગઢમાં વન કર્મચારીઓ આજથી અચોક્કસ મુદ્દતની હડતાલ પર

પ્રશાંતસિંહ વાળાના નેતૃત્વ હેઠળ વનકર્મીઓની વિવિધ માંગણીઓ નહીં સંતોષાતા રોષ

રાજકોટ, તા. ૨૭

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લા વન કર્મચારીઓ દ્વારા પડતર પ્રશ્નો અને માંગણીઓને લઈને ઉગ્ર આંદોલનનું શંખનાદ કરવામાં આવ્યું છે. ગીર સોમનાથ-જૂનાગઢ જિલ્લા પ્રમુખ પ્રશાંતસિંહ વાળા દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગત તારીખ ૨૬/૧૦/૨૦૨૪ ના રોજ પેનડાઉન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને પૂનમ અવલોકનનું કાર્ય રાત્રે ૧૨ વાગ્યા સુધી ચાલુ રખાયું હતું. પૂનમ અવલોકનની આ કામગીરી પૂર્ણ કર્યા બાદ આજે તા. ૨૭ થી તમામ વન કર્મચારીઓ માસ લીવ (સામૂહિક રજા) પર ઉતરી ગયા છે.

વન કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં વનરક્ષક અને વનપાલ કર્મચારીઓની સુરક્ષા અને સિક્યુરિટી એલાઉન્સ આપવું, વનરક્ષક અને વનપાલ કર્મચારીઓને રજાના દિવસે બજાવવામાં આવતી ફરજ વાર્ષિક ૪૮ દિવસની જગ્યાએ પૂરેપૂરી આપવી તેમજ રજા પગારનું ચુકવણી બેઝિક અને ડીએ પગાર ધોરણ મુજબ તેમજ પોલીસ વિભાગના ધારા ધોરણ મુજબ કરવી જેવા મહત્વના મુદ્દાઓ સામેલ છે.આ ઉપરાંત, વનરક્ષક અને વનપાલ કેડર કરતાં નીચલા દરજ્જાના કેટલાક કર્મચારીઓ કે રોજમદાર કેડરને મળતા ગ્રેડ-પે ની સરખામણીએ વનરક્ષકને ઓછું વેતન મળતું હોવાની ગંભીર વિસંગતતા દૂર કરવા માટે ઉચ્ચક્ષણની વિભાગીય સમિતિ રચી સમગ્ર પગાર માળખાની સમીક્ષા કરવી, ખાસ કરીને વર્ગ-૪ ના રોજમદારોને મળેલા રૂપિયા ૧૯૦૦ ગ્રેડ-પે ની પશ્ચાતવર્તી વર્ગ-૩ વનરક્ષક કર્મચારીઓને યોગ્ય વેતન સુધારો આપવા અને નાણાં વિભાગમાં યોગ્ય દરખાસ્ત કરવા પણ માંગ કરાઈ છે.

સાથેસાથે વનપાલ ભરતી બંધ કરવી તેમજ વનપાલની બંધ કરવામાં આવેલી જગ્યાનું મહેકમ પુનઃ ચાલુ કરી તેમજ રાઉન્ડ, બીટ તેમજ રેંજનું વિસ્તરણ કરી નવી જગ્યાઓ ઊભી કરવી અને વનરક્ષક અને વનપાલની લાંબા સમયથી પડતર બદલીના પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ કરવું જેવી માંગણીઓ પણ આજ દિન સુધી સ્વીકારવામાં આવી નથી. જો સરકાર દ્વારા આ તમામ માંગણીઓ હજુ સુધી સ્વીકારવામાં આવી નથી. પરિણામે આજે તા. ૨૮થી અચોક્કસ મુદતની હડતાલ પર જવા વન કર્મચારીઓએ નિર્ધાર કર્યો છે.

ઓપરેશન ગંગાજળઃ વધુ બે સિનિયર GAS અધિકારીઓ ફરજિયાત નિવૃત્ત

વહીવટી તંત્રને સ્વચ્છ અને પારદર્શક બનાવવા રાજ્ય સરકારની લાલ આંખ : ડી.આઈ. ભગલાણી અને જે.એમ. તુવર સામે સમય પૂર્વે જ નિવૃત્તિના આદેશથી અમલદારશાહીમાં ફફડાટ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સરકાર દ્વારા વહીવટી તંત્રને વધુ સ્વચ્છ, પારદર્શક અને ગતિશીલ બનાવવા માટે શરૂ કરાયેલા વિશેષ અભિયાન 'ઓપરેશન ગંગાજળ' હેઠળ વધુ એક મોટો અને આકરો સપાટો બોલાવવામાં આવ્યો છે. રાજ્ય સરકારે પોતાની કાનૂની સત્તાનો ઉપયોગ કરીને ગુજરાત વહીવટી સેવા (GAS) સિનિયર સ્કેલના બે વરિષ્ઠ અધિકારીઓને જાહેર હિતમાં સમય પૂર્વે જ ફરજિયાત નિવૃત્ત કરીને ઘરભેગા કરી દીધા છે. સરકારના આ કડક નિર્ણયના પગલે સચિવાલયથી લઈને રાજ્યની સમગ્ર અમલદારશાહીમાં ભારે ફફડાટ અને સન્નાટો વ્યાપી ગયો છે.

આ વિશેષ અભિયાન અંતર્ગત જે બે સિનિયર GAS અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર ખાતે જોઈન્ટ કમિશનર તરીકે કાર્યરત ડી.આઈ. ભગલાણીનો સમાવેશ થાય છે, જેના કાર્યકાળ દરમિયાનની કામગીરી અને સેવાકીય રેકોર્ડની ચકાસણી બાદ સરકારે તેમને તાત્કાલિક અસરથી સમય પહેલાં નિવૃત્ત કરવાનો આદેશ આપ્યો છે.



આ ઉપરાંત, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા જે.એમ. તુવર સામે પણ વહીવટી નિયમો અને શિસ્તભંગના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મુદત પૂર્વે જ નિવૃત્તિના પગલાં લેવામાં આવ્યા છે.

અગાઉ એક જ દિવસમાં બે IAS અધિકારીઓ કે. રાજેશ અને ગૌરવ દહિયાને ફરજિયાત નિવૃત્તિ અપાઈ હતી, અને હવે આજરોજ વધુ બે સિનિયર GAS અધિકારીઓ સામે કાર્યવાહી કરીને રાજ્ય સરકારે સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે ભ્રષ્ટ તેમજ બિનકાર્યક્ષમ અધિકારીઓ સામે પગલાં લેવામાં સરકાર જરાય કચાશ રાખશે નહીં. ગુજરાત સિવિલ સર્વિસીસ રૂલ્સ (GCSR) ની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારને સત્તા છે કે જે અધિકારીઓની કામગીરી શંકાસ્પદ હોય, ભ્રષ્ટાચારના આક્ષેપો હોય કે વહીવટી રીતે બિનકાર્યક્ષમ સાબિત થયા હોય તેમને ૫૦ કે ૫૫ વર્ષની વય વટાવ્યા બાદ જાહેર હિતમાં ફરજિયાત નિવૃત્ત કરી શકાય છે. આ અંતર્ગત ઉચ્ચ સચિવોની બનેલી કમિટી દ્વારા આ અધિકારીઓના છેલ્લા કેટલાક વર્ષોના કોન્ફિડેન્શિયલ રિપોર્ટ્સ, વિજિલન્સ તપાસો અને પ્રજાકીય ફરિયાદોનું સઘન ઓડિટ કરવામાં આવ્યું હતું, જેમાં બંને અધિકારીઓની કામગીરી સંતોષકારક ન જણાતાં તેમને સમય પહેલાં નિવૃત્ત કરવાનો આખરી ફેસલો લેવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દ્વારા સરકારે સ્પષ્ટ ચેતવણી આપી છે કે સરકારી તંત્રમાં કોઈપણ સ્તરે ભ્રષ્ટાચાર, નિષ્ક્રિયતા કે પ્રજાના કામોમાં બેદરકારી જરાય ચલાવી લેવામાં આવશે નહીં.

GSNRGF-ગાંધીનગર અને NRG સેન્ટર- રાજકોટ દ્વારા

વિદેશમાં લગ્ન કરવા ઇચ્છુક યુવાઓ માટે યોજાયો માર્ગદર્શન સેમિનાર

પૂરતી તપાસ, સાવચેતી અને વિચારવિમર્શ બાદ જ આગળ વધવું આવશ્યકઃ પ્રીતિ જોશી

રાજકોટ, તા.૨૭

ગુજરાત સ્ટેટ નોન-રેસિડેન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન, ગાંધીનગર તથા ગછ્ઝ સેન્ટર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે અર્પિત ગ્રુપ ઓફ સ્કૂલ એન્ડ કોલેજ, રાજકોટ-મોરબી હાઈવે, હડાળા, ખાતે 'વિદેશમાં લગ્ન અંગે જાગૃતતા વિષય પર કોલેજની વિદ્યાર્થીનીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.સૌરાષ્ટ્ર મેડિકલ એન્ડ એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત NRG સેન્ટર રાજકોટના ચેરપેર્સન અને પ્રોજેક્ટ 'લાઈફ' ના જોઈન્ટ એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી અને CEO મિત્તલ કોટિચા શાહે જણાવ્યું હતું કે, વિદેશમાં લગ્ન કરવા ઇચ્છુક યુવક-યુવતીઓ તથા તેમના વાલીઓને લગ્ન સંબંધિત કાયદાકીય જોગવાઈઓ, જરૂરી દસ્તાવેજો, પાત્રની પૃષ્ઠભૂમિની ચકાસણી અને લગ્ન પહેલાં રાખવાની આવશ્યક સાવચેતીઓ અંગે જાગૃત કરવાનો આ સેમિનારનો મુખ્ય ઉદેશ છે, જેથી લગ્નોત્સુક વ્યક્તિઓ પૂરતી માહિતી અને સમજણના આધારે જવાબદારીપૂર્વક નિર્ણય લઈ શકે.

આ પ્રસંગે ગુજરાત સ્ટેટ નોન-રેસિડેન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન, ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહેલા મામલતદાર ચૈતન્ય સંઘાણીએ ફાઉન્ડેશનના ઉદ્દેશો, ગછ્ઝ સેન્ટરોની ભૂમિકા અને વિદેશમાં લગ્ન અંગે જાગૃતિ કેળવતા આવા માર્ગદર્શન સેમિનારોની ઉપયોગિતા વિશે વિસ્તૃત





માહિતી આપી હતી. સરકારી સ્તરે હાથ ધરવામાં આવતી આ પ્રકારની જાગૃતિપ્રેરક પહેલને શૈક્ષણિક સંસ્થા સુધી પહોંચાડવા માટે તેમની ઉપસ્થિતિ અને માર્ગદર્શને કાર્યક્રમને વિશેષ મહત્ત્વ પૂરું પાડ્યું હતું. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતીથી ઉપસ્થિતોને ફાઉન્ડેશનની કામગીરી અને વિદેશસ્થ ગુજરાતીઓના હિતમાં હાથ ધરાતી પ્રવૃત્તિઓ વિશે સમજ મેળવવાની તક મળી હતી. સેમિનારના મુખ્ય વક્તા તરીકે ગુજરાત હાઇકોર્ટ તથા ભારતની સર્વોચ્ચ અદાલતનાં એડવોકેટ પ્રીતિ જોશીએ વિદેશમાં લગ્ન સંબંધિત કાયદાકીય બાબતો અંગે વિસ્તૃત અને માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન બાદ યોજાયેલા પ્રશ્નોત્તરી સત્રમાં ઉપસ્થિતોને પોતાના પ્રશ્નો રજૂ કરી નિષ્ણાત પાસેથી માર્ગદર્શન મેળવવાની તક મળી હતી.


ગછ્ઝ સેન્ટર રાજકોટના સેક્રેટરી અને પ્રોજેક્ટ 'લાઈફ' ના ચીફ ડેવલપમેન્ટ એન્ડ ઓપરેટીંગ ઓફિસર ઋષિકેશભાઇ પંડ્યાએ જણાવ્યું કે ભારત સરકારના બિન-ગુજરાતી તેમજ વિદેશસ્થ ભારતીયો સાથે સંપર્ક અને જોડાણને પ્રોત્સાહન આપવાના અભિગમ તથા ગુજરાત સરકારની પહેલના ભાગરૂપે કાર્યરત નોન-રેસિડેન્ટ ગુજરાતીઝ (ગછ્ઝ) સેન્ટરો દ્વારા વિદેશમાં વસતા ગુજરાતીઓ અને તેમના વતન વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બનાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તેમણે એ પણ જણાવ્યું કે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં છ ગછ્ઝ સેન્ટરો કાર્યરત છે, જે બિન-ગુજરાતી ભારતીયો અને વિદેશસ્થ ગુજરાતીઓને તેમના વતન સાથે જોડવા, જરૂરી માહિતી ઉપલબ્ધ કરાવવા અને માર્ગદર્શન પૂરું પાડવાની દિશામાં કાર્ય કરે છે. આ જ હેતુને આગળ ધપાવતાં ગછ્ઝ સેન્ટર રાજકોટ દ્વારા આજ સુધીમાં આવા સેમિનારો દ્વારા ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને લાભાન્વિત કર્યા છે. કાર્યક્રમના અંતે કેમ્પસ ડિરેક્ટર ડો. નવીન કુમારે આભારવિધિ કરી હતી. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. કાર્યક્રમમાં ચૈતન્ય સંઘાણી, ઋષિકેશ પંડ્યા, કરશનભાઈ લીંબાસિયા, પ્રીતિ જોશી, ડો. નવીન કુમાર, એન્જિનિયરિંગ વિભાગના ડિરેક્ટર ડો. પંકજ ચરોલા, નર્સિંગ વિભાગનાં પ્રિન્સિપાલ ડો. સુધારાણી અને ઇઇખજ વિભાગના પ્રિન્સિપાલ ડો. આનંદ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્રમાં મગફળીના વાવેતર, અંદાજીત ઉત્પાદનની અસર

ગુજરાતની ભૂમિ પર મગફળીનું વાવેતર ઘટતા ઉત્પાદન ૮.૫૮ લાખ ટન ઓછો થવાનો અંદાજ

SEAના સર્વેમાં તારણ નીકળ્યું, રાજકોટ જિલ્લામા મગફળીનું વાવેતર ૩.૨૫ લાખ હેકટર થયું





ચાર્ટ-1 : જિલ્લાવાર વાવેતર, ઉત્પાદકતા અને ઉત્પાદન

જિલ્લો	વર્ષ 2025-26 વાવેતર (લાખ હેક્ટર)	ઉત્પાદકતા (મણ/બીઘા)	ઉત્પાદકતા (કિગ્રા./હેક્ટર)	ઉત્પાદન (લાખ મેટ્રિક ટન)	વર્ષ 2026-27 વાવેતર (લાખ હેક્ટર)	ઉત્પાદકતા (મણ/બીઘા)	ઉત્પાદકતા (કિગ્રા./હેક્ટર)	ઉત્પાદન (લાખ મેટ્રિક ટન)
અમરેલી	2.50	9.00	1125	2.81	2.25	12.00	1500	3.38
ભાવનગર	1.16	12.50	1563	1.81	1.14	14.00	1750	2.00
જામનગર	2.25	20.00	2500	5.63	2.17	12.00	1500	3.26
દેવભૂમિ દ્વારકા	2.17	17.00	2125	4.61	1.89	3.00	375	0.71
જૂનાગઢ	2.22	16.00	2000	4.44	2.30	18.50	2313	5.32
ગીર સોમનાથ	0.91	14.00	1750	1.59	0.92	21.00	2625	2.40
પોરબંદર	0.85	20.00	2500	2.13	0.82	7.00	875	0.71
રાજકોટ	3.30	16.00	2000	6.60	3.25	14.50	1813	5.90
મોરબી	0.72	17.00	2125	1.53	0.60	16.00	2000	1.20
સુરેન્દ્રનગર	0.45	12.00	1500	0.68	0.43	12.00	1500	0.64
પેટા સરવાળો	16.53	15.40	1925	31.82	15.78	12.94	1618	25.53

ચાર્ટ-2 : અન્ય જિલ્લાઓની વિગતો

જિલ્લો	વર્ષ 2025-26 વાવેતર (લાખ હેક્ટર)	ઉત્પાદકતા (મણ/બીઘા)	ઉત્પાદકતા (કિગ્રા./હેક્ટર)	ઉત્પાદન (લાખ મેટ્રિક ટન)	વર્ષ 2026-27 વાવેતર (લાખ હેક્ટર)	ઉત્પાદકતા (મણ/બીઘા)	ઉત્પાદકતા (કિગ્રા./હેક્ટર)	ઉત્પાદન (લાખ મેટ્રિક ટન)
કચ્છ	1.30	19.00	2375	3.09	0.64	14.00	1750	1.11
સાબરકાંઠા	0.85	14.50	1813	1.54	0.83	13.50	1688	1.40
અરવલ્લી	0.74	14.00	1750	1.30	0.67	13.00	1625	1.09
બનાસકાંઠા	1.90	13.00	1625	3.09	1.42	14.00	1750	2.49
અન્ય	0.70	12.00	1500	1.05	1.38	10.00	1250	1.73
પેટા સરવાળો	5.49	14.66	1833	10.06	4.94	12.66	1583	7.81
ગુજરાત કુલ	22.02	15.22	1902	41.88	20.71	12.86	1608	33.30

રાજકોટ, તા.૨૭

સૌરાષ્ટ્ર- ગુજરાતનો મુખ્યપાક મગફળી છે. આ વખતે વરસાદ પૂરતા પ્રમાણમાં આવ્યો નથી. જેની અસર ખેતીમાં રહેલા પાક અને ઉત્પાદન પર જોવા મળે છે.એક બાજુ રાજ્યમાં ૪ જિલ્લાને દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરાયા છે.તો બીજી તરફ મગફળીનું વાવેતર પણ ઘટ્યું છે.

ગુજરાતની ભૂમિ પર મગફળીનું વાવેતર ૧.૩૧ લાખ હેકટર ઘટ્યું છે અને ઉત્પાદન ૮.૫૮ લાખ ટન ઓછો થવાનો અંદાજ છે. રાજકોટ જિલ્લામા મગફળીનું વાવેતર ૩.૨૫ લાખ હેકટર થયું છે. જે ગત વર્ષે ૩.૩૦ લાખ હેકટર હતું.એસ ઈ એ ની ટીમે સૌરાષ્ટ્રમાં ૨૩થી ૨૫ સર્વે હાથ ધર્યો હતો.રાજકોટ જિલ્લામાં પણ મગફળીના વાવેતર અને ઉત્પાદનના અંદાજમાં ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૫-૨૬માં રાજકોટ જિલ્લામાં મગફળીનું વાવેતર ૩.૩૦ લાખ હેક્ટર હતું, જે વર્ષ ૨૦૨૬-૨૭માં ઘટીને ૩.૨૫ લાખ હેક્ટર થયું છે. આમ, વાવેતર વિસ્તારમાં ૦.૦૫ લાખ હેક્ટર એટલે કે ૫,૦૦૦ હેક્ટરનો ઘટાડો થયો છે.

સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓના આંકડાઓમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. જૂનાગઢ જિલ્લામાં મગફળીનું વાવેતર ૨.૨૨ લાખ હેક્ટરથી વધીને ૨.૩૦ લાખ હેક્ટર થયું છે. અહીં ઉત્પાદનનો અંદાજ ૪.૪૪ લાખ ટનથી વધીને ૫.૩૨ લાખ ટન થયો છે. હેક્ટરદીઠ ઉપજનો અંદાજ પણ ૨૦૦૦ કિલોગ્રામથી વધીને ૨૩૧૩ કિલોગ્રામ થયો છે. બીજી તરફ, જામનગર જિલ્લામાં વાવેતર ૨.૨૫ લાખ હેક્ટરથી ઘટીને ૨.૧૭ લાખ હેક્ટર થયું છે. અહીં ઉત્પાદનનો અંદાજ ૫.૬૩ લાખ ટનથી ઘટીને ૩.૨૬ લાખ ટન થયો છે.દ્વારકા જિલ્લામાં વાવેતર ૨.૧૭ લાખ હેક્ટરથી ઘટીને ૧.૮૯ લાખ હેક્ટર થયું છે અને ઉત્પાદનનો અંદાજ ૪.૬૧ લાખ ટનથી ઘટીને ૦.૭૧ લાખ ટન રહ્યો છે.

પોરબંદર જિલ્લામાં વાવેતર ૦.૮૫ લાખ હેક્ટરથી ઘટીને ૦.૮૨ લાખ હેક્ટર થયું છે. અહીં ઉત્પાદનનો અંદાજ ૨.૧૩ લાખ ટનથી ઘટીને ૦.૭૧ લાખ ટન રહ્યો છે. કચ્છ જિલ્લામાં મગફળીનું વાવેતર ૧.૩૦ લાખ હેક્ટરથી ઘટીને ૦.૬૪ લાખ હેક્ટર થયું છે. અહીં ઉત્પાદનનો અંદાજ ૩.૦૯ લાખ ટનથી ઘટીને ૧.૧૧ લાખ ટન થયો છે.

ગુજરાત પોલીસનું 'ઓપરેશન લંગડા'

છેલ્લા ૨ વર્ષમાં ૨૧ ગુનેગારો પર ફાયરિંગ, ૨ ઠાર

પોલીસનું સ્પષ્ટ સંદેશ 'કાયદો તોડશો તો પરિણામ ભોગવવું પડશે'

રાજકોટ, તા. ૨૭

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા અને ગંભીર ગુનાઓ આચરતા તત્વોમાં પોલીસનો ખોફ કાયમ રહે તે માટે ગુજરાત પોલીસે હવે કડક અને આક્રમક રણનીતિ અપનાવી છે. ગંભીર ગુનાના આરોપીઓને પકડતી વખતે, ઘટનાસ્થળે પંચનામા કે ગુનાનું રિકન્સ્ટ્રક્શન કરતી વખતે પોલીસ પર હુમલો કરનારા, સર્વિસ રિવોલ્વર ઝૂંટવવાનો પ્રયાસ કરનારા કે કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરનારા બક્ષવામાં નહીં આવે તેવો સ્પષ્ટ સંદેશો તંત્રે આપી દીધો છે. રાજ્યમાં શરૂ કરાયેલા ખાસ 'ઓપરેશન લંગડા' હેઠળ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુજરાત પોલીસે કુલ ૨૧ વખત જવાબી ફાયરિંગની કાર્યવાહી હાથ ધરી છે, જેમાં ૨ ગંભીર ગુનાના આરોપીઓ સ્થળ પર જ ઠાર થયા છે.

ગુજરાત પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા વિગતવાર આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૨૫ માં ૧૦ અને વર્ષ ૨૦૨૬ માં ૧૧ મળીને કુલ ૨૧ જેટલી ફાયરિંગની ઘટનાઓ સામે આવી છે. આ તમામ કિસ્સાઓમાં આરોપીઓ દ્વારા પોલીસ ટુકડી પર ધારદાર હથિયારો કે પથ્થરો વડે હુમલો, પોલીસની સર્વિસ રિવોલ્વર છીનવવાની કોશિશ અથવા ભાગવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં પોલીસે સ્વબચાવ અને કાયદાકીય સ્થિતિ જાળવી રાખવા માટે જવાબી ગોળીબાર કરવો પડ્યો હતો.



આ કાર્યવાહી દરમિયાન ગાંધીનગરમાં બળાત્કાર અને હત્યાના આરોપી વિપુલ પરમારે પોલીસ પર ગોળીબાર કરતા જવાબી ફાયરિંગમાં તેનું મોત નિપજ્યું હતું. આ ઉપરાંત આણંદમાં બળાત્કાર અને મર્ડર કેસના આરોપી સુરેશ પરમારે પોલીસ પર છરી વડે હુમલો કરવાનો પ્રયાસ કરતા જવાબી કાર્યવાહીમાં તે પણ માર્યો ગયો હતો.

અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં પણ પોલીસે આ જ પ્રકારનું કડક વલણ અપનાવ્યું છે. અમદાવાદમાં ખંડણી કેસના આરોપી સંગ્રામસિંહ સિકરવાર, મોઈનુદ્દીન બાદશાહ, મર્ડર કેસના આરોપી ધમા બારડ તથા દુષ્કર્મના આરોપી સેક્યુરિટી ગાર્ડ દ્વારા પોલીસ સાથે ઝપાઝપી કે રિવોલ્વર છીનવવાનો પ્રયાસ કરાતાં પોલીસે પગના ભાગે ગોળી મારી તેમને કાબૂમાં લીધા હતા. તાજેતરમાં અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે રૂ. ૨૫ કરોડના ડ્રગ્સ કેસના મુખ્ય સૂત્રધાર કફીલ અહેમદ ઉર્ફે જાવેદ અન્સારી સામે પણ ભાગવાનો પ્રયાસ કરતી વખતે ફાયરિંગ કરી તેને ઝડપી પાડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાં પણ ઓપરેશન લંગડાની અસર જોવા મળી છે. સુરતમાં ડબલ મર્ડરના આરોપી શિવકાંત યાદવ, હથિયાર જમી વેળાએ શુભમ ઠાકુર તથા હત્યાના આરોપી રાહુલ જોગી સામે હુમલા અને ભાગવાના પ્રયાસ દરમિયાન ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ સિવાય દાહોદમાં દારૂના કેસના આરોપી અશોક પંચાલ, સુરેન્દ્રનગરમાં છરીથી હુમલો કરનાર દિવ્યરાજસિંહ બોરાણા તથા ગાંધીનગરમાં દુષ્કર્મના આરોપી રામનીત યાદવ સામે રિકન્સ્ટ્રક્શન વખતે જ કડક કાર્યવાહી કરાઈ હતી. અરવલ્લીના ધનસુરા અને માલપુર પાસે પણ અફીણ અને પોષડોડા ભરેલી કાર રોકતી વખતે તસ્કરો અને પોલીસ વચ્ચે સામસામે ગોળીબારના બનાવો બન્યા હતા.

ગુજરાત પોલીસના આ કડક અને એક્શન મોડવાળા વલણથી રાજ્યભરના અપરાધીઓ અને અસામાજિક તત્વોમાં ભારે ડરનો માહોલ ઊભો થયો છે. ખાકી પર હાથ ઉપાડનારા કે કાયદાને હાથમાં લેવાની કોશિશ કરનારા આરોપીઓ માટે પોલીસની ગોળી જ કાળ બની રહી છે, જે દર્શાવે છે કે રાજ્યમાં ગુનાખોરી સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અમલી બનાવવામાં આવી છે.

બે વર્ષના આંકડાઃ અપરાધ જગતમાં પોલીસના ડરનો વ્યાપ

ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલા ડેટા મુજબ, કડક કાર્યવાહીનો આ સિલસિલો સતત ચાલુ રહ્યો છે

- વર્ષ ૨૦૨૫ઃ કુલ ૧૦ મહત્ત્વપૂર્ણ ફાયરિંગની ઘટનાઓ સામે આવી હતી, જેમાં આરોપીઓની સખત પ્રતિકારક હિલચાલ સામે પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કર્યો હતો.
- વર્ષ ૨૦૨૬ઃ આ વર્ષે પણ કડકાઈ યથાવત રાખીને પોલીસે અત્યાર સુધીમાં ૧૧ વખત આવા જ જવાબી પગલાં લીધા છે.

ક્યારે અને ક્યાં ચાલી પોલીસની ગોળી?

આપેલ રિપોર્ટ અનુસાર, જ્યારે-જ્યારે આરોપીઓએ કાયદો તોડવાનો કે પોલીસ પર જ સવારી કરવાનો પ્રયાસ કર્યો છે, ત્યારે પોલીસે ત્વરિત અને ધારદાર કાર્યવાહી કરી છે

- જવાબી કાર્યવાહીમાં મોતઃ ગાંધીનગર જિલ્લામાં બળાત્કાર અને હત્યાના આરોપી વિપુલ પરમાર તથા આણંદમાં બળાત્કાર અને મર્ડરના આરોપી સુરેશ પરમાર દ્વારા પોલીસ પર હુમલો કરવામાં આવતા જવાબી ફાયરિંગમાં તેઓ માર્યા ગયા હતા.
- હથિયાર છીનવવાની કે ભાગવાની કોશિશઃ અમદાવાદમાં ખંડણી કેસના આરોપી સંગ્રામસિંહ સિકરવાર અને સુરતમાં ડબલ મર્ડરના આરોપી શિવકાંત યાદવે પોલીસ રિવોલ્વર ઝૂંટવવાનો કે ભાગવાનો પ્રયાસ કરતા પોલીસની ગોળીનો શિકાર બન્યા હતા.
- ડ્રગ્સ અને તસ્કરી વિરુદ્ધ પ્રહારઃ અરવલ્લીમાં અફીણ-પોષડોડા ભરેલી કાર રોકતી વખતે તસ્કરો સાથે સામસામે ફાયરિંગ થયું હતું, તેમજ અમદાવાદમાં ૨૫ કરોડના ડ્રગ્સ કેસના મુખ્ય આરોપી કફીલ અહેમદ ઉર્ફે જાવેદ અન્સારી દ્વારા ભાગવાની કોશિશ કરાતાં ક્રાઇમ બ્રાન્ચે તેને ફાયરિંગ કરી ઝડપી લીધો હતો.


હીરાસર એરપોર્ટની પોલ ખુલ્લી

કાર્ગો સેક્ટરમાં લીકેજથી બે દિવસથી કામકાજ ઠપ્પ, ચાર ટન માલ રઝળ્યો : કાગળ પર ઇન્ટરનેશનલ, કામગીરીમાં રામભરોસે!

રાજકોટ, તા. ૨૭

સૌરાષ્ટ્રના વ્યાપારી અને આર્થિક વિકાસના મોટાં સ્વપ્નો સાથે આકાર પામેલા રૂ. ૨,૬૫૪ કરોડના અધતન રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર વહીવટી બેદરકારીનો મોટો ઘટસ્ફોટ થયો છે. એરપોર્ટના કાર્ગો સેક્ટરમાં સર્જાયેલી ગંભીર પાણીના લીકેજની સમસ્યાને કારણે છેલ્લા બે દિવસથી ટ્રાન્સપોર્ટેશન અને લોડિંગની કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ ગ્રીનફિલ્ડ એરપોર્ટ પર પાયાની જાળવણીનો અભાવ હોવાથી મુસાફરો અને વેપારીઓ બંને મુશ્કેલીમાં મુકાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એરપોર્ટના કાર્ગો સેક્ટરમાં આવેલી પાઇપલાઇનમાં કોઈ અગમ્ય કારણોસર કે નબળી ગુણવત્તાના લીધે સતત પાણી લીક થઈ રહ્યું છે. આ લીકેજ એટલું ગંભીર છે કે સમગ્ર કાર્ગો ફ્લોર પર પાણી ફરી વળ્યું છે અને તળિયું જળબંબાકાર બન્યું છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે પાણી વહીને સીધા જ ઇલેક્ટ્રિક પાવર બોર્ડ અને વાયરીંગ સુધી પહોંચી ગયું છે.





વીજળીના બોર્ડમાં પાણી ઉતરવાથી ગમે ત્યારે મોટો શોર્ટ સર્કિટ થવાની અને જીવલેણ દુર્ઘટના સર્જાવાની ભીતિ ઊભી થઈ છે.

કર્મચારીઓની સુરક્ષા અને જાનમાલના જોખમને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કાર્ગો લોડિંગની કામગીરી અટકાવી દેવી પડી છે. પરિણામે, ઇન્ડિગો એરલાઇન્સ સહિતની ફ્લાઇટ્સમાં મોકલવાનો થતો આશરે રૂ. ૨ લાખની કિંમતનો ચાર ટન જેટલો માલ સમયસર લોડ થઈ શક્યો ન હતો. સમયસર માલ ડિસ્પેચ ન થવાને કારણે સ્થાનિક વેપારીઓ અને એક્સપોર્ટર્સને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, તો બીજી તરફ એરપોર્ટની આંતરરાષ્ટ્રીય સ્તરની છબી પર પણ મોટો ડાઘ પડ્યો છે.

આ ગંભીર સમસ્યા અંગે એરપોર્ટ ઓથોરિટી સમક્ષ અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે, છતાં બે દિવસ વીતી જવા છતાં લીકેજની આ સમસ્યાનો કોઈ કાયમી કે સંતોષકારક ઉકેલ આવ્યો નથી. સવાલ એ થાય છે કે જ્યારે એરપોર્ટના નિર્માણ પાછળ જંગી રકમ ખર્ચવામાં આવી છે, ત્યારે માત્ર પાઇપલાઇન કે પ્લમ્બિંગ જેવી સામાન્ય બાબતોમાં પણ આટલી મોટી લાપરવાહી કેમ ચલાવી લેવામાં આવી રહી છે?

એરપોર્ટ જેવા અતિ-સંવેદનશીલ અને મહત્વના સ્થળે મેન્ટેનન્સ વિભાગની આ બેદરકારી માત્ર વહીવટી નિષ્ક્રિયતાની સાક્ષી પૂરે છે. જો વહેલી તકે આ લીકેજ રીપેર કરવામાં નહીં આવે અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ સમસ્યા વધુ વિકટ બની શકે છે. હાલ તો એરપોર્ટના સત્તાધીશો આ ગંભીર ત્રુટીને છુપાવવા અથવા ઢાંકપિછોડો કરવાના પ્રયાસો કરી રહ્યા છે, જેના કારણે વેપારી વર્ગ અને નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગેરકાયદે બાંધકામો અને વાણિજ્યિક વપરાશ સામે કલેક્ટર તંત્ર લાલઘૂમ

રેસકોર્સ-રૈયામાં બિલ્ડરો, માફિયાઓ સામે સકંજો

રૈયા સર્વે નં. ૩૧૮ પૈકીની જમીનમાં શરતભંગ અને ગેરકાયદે દબાણ મામલે મનપાને કેસ ટ્રાન્સફર કરવા આદેશ

રાજકોટ, તા. ૨૭

રાજકોટ શહેરમાં જમીનોના બિનઅધિકૃત ઉપયોગ અને ગેરકાયદેસર દબાણો સામે વહીવટી તંત્ર દ્વારા હવે સકંજો કસવામાં આવી રહ્યો છે, જેના ભાગરૂપે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરને મોકલવામાં આવેલા એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત ભાષાના પત્રે શહેરી વિસ્તારોમાં ભારે ચકચાર મચાવી દીધી છે. કલેક્ટર કચેરીના આદેશ અનુસાર, રાજકોટ શહેર પશ્ચિમના મોજે રૈયા-૧ વિસ્તારમાં આવેલી રેવન્યુ સર્વે નંબર ૩૧૮ પૈકીની જમીનમાં પૂર્વ મંજૂરી મેળવ્યા વગર અને કોઈપણ પ્રકારનો હેતુફેર (કન્વર્ઝન) કરાવ્યા વગર જ રહેણાંક હેતુની જમીન પર વાણિજ્યિક ઉપયોગ શરૂ કરી દેવા આવ્યો હોવાનું સ્પષ્ટપણે સામે આવ્યું છે, જે સીધેસીધો ગંભીર શરતભંગનો મામલો છે.



આ સમગ્ર પ્રકરણની શરૂઆત પ્રાંત અધિકારી, રાજકોટ શહેર-૧ ના ગત ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રજૂ થયેલા અહેવાલથી થઈ હતી, જેના સંદર્ભે કાર્યપાલક ઇજનેર, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, રાજકોટ પાસે સ્થળ તપાસનો અહેવાલ મંગાવવામાં આવ્યો હતો. બોર્ડ દ્વારા ગત ૨૩ મે ૨૦૨૫ના રોજ રજૂ કરાયેલા અહેવાલમાં જમીન પર મોટાપાયે અનધિકૃત બાંધકામ અને દબાણ થયા હોવાની વિગતો બહાર આવી હતી. આ અહેવાલને ધ્યાને લઈને ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની સાતમી બેઠકમાં એક મહત્વનો સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, જેમાં બોર્ડની યોજનાઓના રોડ-રસ્તા અને જાહેર ખુલ્લી જગ્યાઓ પર થયેલા આ અનધિકૃત બાંધકામોને દૂર કરવા માટે આ કેસોને સંબંધિત લોકલ ઓથોરિટી એટલે કે રાજકોટ મહાનગરપાલિકાને કેસ ટુ કેસ ધોરણે તબદીલ કરવાનો નિર્ણય લેવાયો હતો. કલેક્ટર કચેરી દ્વારા આ પત્રની નકલ સાથે રાખીને સ્પષ્ટ આદેશ કરાયો છે કે સવાલવાળી જમીન પર થયેલા ગેરકાયદે દબાણો અને અનધિકૃત બાંધકામની રજૂઆત સંદર્ભે હવે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયમોનુસારની કડક કાનૂની અને ધ્વંસાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ફૂડ વિભાગની લાલ આંખ

ત્રીસ પેઢીઓમાં ચેકિંગ, ૮૪૧ કિલો અખાદ્ય જથ્થાનો નાશ!

આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓમાં ફફડાટ; એક જ ફેક્ટરીમાંથી ૮૦૦ કિલો નૂડલ્સ નષ્ટ

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા અને ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે લાલ આંખ કરીને અત્યંત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત ફૂડ વિભાગની ટીમે સર્વેલન્સ ચેકિંગ હાથ ધરીને કુલ ૩૦ જેટલી પેઢીઓની સઘન તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન બજારમાં વેચાતા અથવા વપરાતા કુલ ૮૪૧ કિલોગ્રામ જેટલા અખાદ્ય, વાસી, પડતર અને એક્સપાયર્ડ જથ્થાને જપ્ત કરીને તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય વિભાગની આ કડક કાર્યવાહીમાં સૌથી મોટો ઘટસ્ફોટ માધાપર ચોકડી પાસે આવેલા યોગી ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં થયો હતો, જ્યાં ભારતી ફૂડ્સ એન્ડ બેવરેજીસ નામના ઉત્પાદક એકમમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ પેઢીને હાઈજેનિક કન્ડિશન તેમજ યોગ્ય સ્ટોરેજ બાબતે નોટિસ આપવામાં આવી હતી અને વાસી તથા પડતર નૂડલ્સનો અંદાજે ૮૦૦ કિલોગ્રામ જેટલો જથ્થો એસ.ડબ્લ્યુ.એમ.ના વાહનમાં સ્થળ પર જ નષ્ટ કરવામાં આવ્યો હતો. આ સાથે જ અહીંથી હક્કા નૂડલ્સનો નમૂનો લેવામાં આવ્યો હતો અને રૂ. ૧૦,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો.







આ ઉપરાંત કાલાવડ રોડ પર આવેલા 'ધ વ્હાઇટ ફ્યુમ્સ કેફે' માં તપાસ કરતા હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ અપાઈ હતી. આ કેફેમાંથી એક્સપાયરી બેકરી પ્રોડક્ટ્સ, પ્રીપેડ વાસી ફૂડ આઈટમ્સ, પડતર લોટ, કાપેલા પડતર શાકભાજી, એક્સપાયરી પિઝા બેઝ, મસાલા, વાસી નૂડલ્સ અને મંચુરિયન મળીને કુલ અંદાજિત ૩૧ કિલોગ્રામ અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરાયો હતો અને રૂ. ૨,૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ્યો હતો. પરાબજારમાં ધર્મેન્દ્રસિંહ કાપડ માર્કેટ પાસે આવેલ 'માં વૈષ્ણવી કેળાં વેફર' માં હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપી વપરાશ માટે રાખેલ અંદાજે ૧૦ કિલો દાજિયું તેલ નાશ કરી રૂ. ૫૦૦ વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

સાંગણવા ચોક ખાતે આવેલ 'ભરત ફરસાણ (ગૃહ ઉદ્યોગ)' માં હાઈજીન તથા ટેકનિકલ પર્સન બાબતે નોટિસ આપીને સેવ, હળદર પાવડર અને બેસનના લૂઝ નમૂના લેવાયા હતા. કિસાનપરા ચોક ખાતેની 'કેફેટો રેસ્ટોરન્ટ' માં હાઈજીન બાબતે નોટિસ અપાઈ હતી અને ગોપી બ્રાન્ડ મલાઈ પનીરનો નમૂનો લેવાયો હતો. તેમજ માધાપર ચોકડી પાસેની 'જે.ડી. એન્ટરપ્રાઇઝ' માંથી બેઈલી પેક્ડ ડ્રિંકિંગ વોટર (૧ લિટર પેક) નો નમૂનો લેવામાં આવ્યો હતો.

આ સિવાય ફૂડ વિભાગની ટીમે કુવાડવા રોડ અને સત્યસાંઈ મેઈન રોડ સહિતના વિસ્તારોમાં આવેલી અન્ય અસંખ્ય પેઢીઓ પર પણ સપાટો બોલાવ્યો હતો. જેમાં ટ્વિંગ કાફે, અતુલ આઈસ્ક્રીમ, ખેતલાઆપા ટી-સ્ટોલ, બહુચરાજી દાળ પકવાન, શ્રી રાઘવેન્દ્ર સ્વીટ્સ, શુભમ ડેરી ફાર્મ, ઉમિયાજી જનરલ સ્ટોર, તિરુપતિ અમુલ પાર્લર, બાલાજી નમકીન, આદેશ બેકરી, ઓમ ખમણ, રાજવૈભવ આઈસ્ક્રીમ, ઝેફ્સ ટી, ઓમ સ્નેક્સ, શક્તિ નમકીન, શ્રીનાથજી ખમણ, મારુતિ પ્રોવિઝન સ્ટોર, અક્ષર નાસ્તા હાઉસ, નીલકંઠ ડાઇનિંગ હોલ, પરિવાર ગાંઠિયા, રજનીકાંત મદ્રાસ કાફે, સ્નેક્સ પાર્લર, ક્રિષ્ના ચાઈનીઝ પંજાબી અને બ્રિટો સહિત કુલ ૩૦ પેઢીઓની આ તપાસ ઝુંબેશમાં સઘન ચકાસણી કરવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકાના ડેઝિગ્નેટેડ ઓફિસર દ્વારા આ સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આત્મનિર્ભર આત્મનિંભર

સેલ્ફ ફાઈનાન્સ શાળાઓએ ઘડતર તરફ વળવું જરૂરી



રાજકોટ ખાતે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળનું સૌરાષ્ટ્ર ઝોન કક્ષાનું મહાસંમેલન મળવા જઈ રહ્યું છે. આ સંમેલનમાં શિક્ષણ જગતના અનેક પ્રશ્નો પર ચર્ચા થશે. આત્મનિર્ભર અને આત્મનિંભર શબ્દોનો ભેદ સમજવો ખૂબ જ અનિવાર્ય છે. સેલ્ફ ફાઈનાન્સ શાળાઓએ માત્ર વાણિજ્યિક સંસ્થાઓ બનવાને બદલે વિદ્યાર્થીઓના ઘડતર કાર્ય તરફ વળવું અત્યંત જરૂરી બન્યું છે.

આજના સમયમાં સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ સામે અનેક ગંભીર ખામીઓ ઉભી થઈ છે. શિક્ષણ આજે વ્યાપાર બની ગયું છે. શાળાઓમાં ઉંચી ફી વસૂલવામાં આવે છે. મોંઘી અને બ્રાન્ડેડ યુનિફોર્મ તેમજ પુસ્તકો ફરજિયાત વેચવામાં આવે છે. આર્થિક લાભ જ મુખ્ય ધ્યેય બની ગયો છે. સંચાલકો શિક્ષણના વ્યાપારીકરણ પાછળ દોડી રહ્યા છે. આ મોંઘવારીના યુગમાં સામાન્ય વાલીઓ માટે પોતાના સંતાનોને ભણાવવા મુશ્કેલ બન્યા છે. શિક્ષણનું સ્તર સુધારવા કરતાં જાહેરાતો અને માર્કેટિંગ પર વધુ ધ્યાન અપાય છે.

આત્મનિર્ભર અને આત્મનિંભર વચ્ચે મોટો ફર્ક છે. 'નિર્ભર' એટલે કે જે પોતાના પગ પર ઊભો રહી શકે, સ્વાવલંબી બને અને આત્મવિશ્વાસ ધરાવતો હોય. આવી શાળાઓ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત અને નૈતિક શિક્ષણ આપીને સમાજને સશક્ત બનાવે છે. આત્મનિર્ભર શાળાઓ વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન કરે છે. બીજી બાજુ, 'નિંભર' એટલે કે નબળો, નિરાધાર કે અશક્ત. આજની ઘણી સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ આર્થિક રીતે ભલે સધ્ધર હોય, પરંતુ નૈતિક અને સામાજિક મૂલ્યોની દ્રષ્ટિએ સાવ પોકળ અને નબળી સાબિત થઈ રહી છે. જે શાળાઓ પૈસા કમાવા સિવાય વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરની ઉપેક્ષા કરે છે, તેને 'નિર્ભર' નહીં પરંતુ આત્મ'નિંભર' કહી શકાય. આવી શાળાઓ સમાજને મજબૂત કરવાના બદલે નબળો પાડે છે. શિક્ષણ આપવાનો મૂળ હેતુ ભૂલીને માત્ર નફો કમાવો તે નિંભરતાની નિશાની છે.

સેલ્ફ ફાઈનાન્સ શાળાઓએ આત્મનિર્ભર બનવું પડશે. માત્ર આર્થિક સધ્ધરતા પૂરતી નથી. શિક્ષણમાં પારદર્શિતા લાવવી પડશે. વાલીઓ પર આર્થિક બોજ ઘટાડવો પડશે. ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે ઉત્તમ સંસ્કારોનું સિંચન કરવું પડશે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું સમયની માંગ છે.

સંચાલકોએ વાણિજ્યિક માનસિકતા છોડવી પડશે. શિક્ષણ એ સેવા છે તે ભાવના અપનાવવી પડશે. જો સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ સાચા અર્થમાં ઘડતર કાર્ય તરફ વળશે, તો જ દેશનું ભવિષ્ય ઉજ્જ્વળ બનશે. આ મહાસંમેલન શાળાઓને નવી દિશા અને સાચો રાહ ચીંધવામાં સફળ રહે તેવી સૌ કોઈની અપેક્ષા છે. શિક્ષણ જગતમાં સાચા અર્થમાં સુધારા લાવવાનો આ જ સાચો સમય છે.


E20 વિરુદ્ધના વિરોધ પ્રદર્શનોને પેઈડ ઝુંબેશ : ગડકરી

કેન્દ્ર સરકારે E100 ઇંધણ પર ચાલતા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી

નવીદિલ્હી, તા. ૨૭

કેન્દ્ર સરકારે દેશમાં ૧૦૦% ઇથેનોલ પર ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો ચલાવવાની મંજૂરી આપતા નવા નિયમો બહાર પાડ્યા છે. આ અંતર્ગત, E100 ઇંધણ પર ચાલતા વાહનોને પણ મંજૂરી આપવામાં આવશે. દરમિયાન, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ પેટ્રોલમાં ૨૦% ઇથેનોલ ભેળવવામાં આવતા E20 ઇંધણ સામેના વિરોધ પર નિવેદનો જારી કર્યા છે. ગડકરીએ E20 સામેના વિરોધને પેઇડ ઝુંબેશ ગણાવી હતી, જ્યારે પુરીએ સ્પષ્ટતા કરી હતી કે સરકાર હાલમાં ૨૦% થી વધુ ઇથેનોલ મિશ્રણ મર્યાદા વધારવાની કોઈ યોજના ધરાવતી નથી. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે જણાવ્યું હતું કે પેટ્રોલમાં ૨૦% ઇથેનોલ ભેળવવાના નિર્ણય સામેના વિરોધ એક ''પેઇડ ઝુંબેશ'' હતો, જેનો અર્થ એ છે કે તેને ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. તેમનું નિવેદન સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ માં સુધારો કરતી સૂચના જારી કર્યાના એક દિવસ પછી આવ્યું છે. ઉદ્યોગ સંસ્થા CII દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, ગડકરીએ જણાવ્યું હતું કે ભારત ઇથેનોલનો ઉપયોગ વધારીને ક્રૂડ ઓઇલ આયાત પરની તેની નિર્ભરતા ઘટાડી શકે છે. આનાથી દેશનું વિદેશી હૂંડિયામણ બચશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ત્રણ મહિના પહેલા, E20 ઇંધણ સામે ઘણો હોબાળો થયો હતો. હવે, E20 નો તમામ વિરોધ સમાપ્ત થઈ ગયો છે. તે એક ચૂકવણી કરેલ ઝુંબેશ હતી.

નીતિન ગડકરીએ દેશના હાઇવેની ખરાબ સ્થિતિ અંગેની ફરિયાદોને પણ સંબોધિત કરી. તેમણે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર હાઇવેની ખરાબ સ્થિતિ અંગેની ફરિયાદોને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. તેમણે તાજેતરમાં ૭૦૦



થી ૮૦૦ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે તેઓ હાઇવેની ગુણવત્તા સાથે સમાધાન કરશે નહીં. તેમણે ખાતરી આપી હતી કે આગામી બે વર્ષમાં હાઇવે વપરાશકર્તાઓને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ મંગળવારે ઇથેનોલ પર સરકારના વલણને પણ સ્પષ્ટ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હાલમાં પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવા માટેની વર્તમાન ૨૦% મર્યાદા વધારવાની કોઈ યોજના નથી. દક્ષિણ ગોવામાં ૨૯મી ઉર્જા ટેકનોલોજી અને નવીનતા મીટનું ઉદ્ઘાટન કરતા, પુરીએ જણાવ્યું હતું કે બાયોફ્યુઅલ વિશે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે. તેમણે E20 ઇંધણ સામે ચાલી રહેલી ચર્ચાને ખોટી માહિતી પર આધારિત ગણાવીને ફગાવી દીધી હતી.

હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે સરકારે પેટ્રોલમાં ૨૦% ઇથેનોલ ભેળવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે અને હાલમાં આ મર્યાદાને ઓળંગવાની કોઈ યોજના નથી. ''સંશોધનથી વ્યાપારીકરણ સુધી ઉર્જા નવીનતાને વેગ આપતી'' શીર્ષક ધરાવતી ત્રણ દિવસીય ઇવેન્ટનું આયોજન કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા દક્ષિણ ગોવાના બેતુલ ગામમાં કરવામાં આવ્યું હતું. E20 પેટ્રોલમાં ૨૦% ઇથેનોલ અને ૮૦% પેટ્રોલ હોય છે. બીજી તરફ, E100 લગભગ શુદ્ધ ઇથેનોલ ઇંધણ છે. ઊ૧૦૦ પર ચાલતા વાહનો ફ્લેક્સ-ફ્યુઅલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિઝાઇન કરવામાં આવે છે, જે તેમને ઉચ્ચ ઇથેનોલ સામગ્રીવાળા ઇંધણનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. સરકાર ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલને પ્રોત્સાહન આપીને વિદેશથી ક્રૂડ ઓઇલ ખરીદવાનો ખર્ચ ઘટાડવાનો હેતુ ધરાવે છે. ભારત તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતોનો મોટો ભાગ આયાત દ્વારા પૂર્ણ કરે છે, જે દેશના વિદેશી હૂંડિયામણને ડ્રેઇન કરે છે અને ચાલુ ખાતાની ખાધ પર દબાણ લાવે છે.

ઐતિહાસિક રહેશે ૧ નવેમ્બરની રેલી

વેપારીઓની ચિંતાઓને સંબોધતા કોંગ્રેસે કહ્યું: જો ૧૦ લાખ લોકો આવશે, તો વ્યવસાય વધશે

નવીદિલ્હી, તા. ૨૭

૧ નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી ઓલ ઈન્ડિયા એલાયન્સની મેગા રેલી માટે તૈયારીઓ તેજ થઈ ગઈ છે. મંગળવારે, દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવેન્દ્ર યાદવ સહિત પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓએ તૈયારીઓની સમીક્ષા કરવા માટે રામલીલા મેદાનની મુલાકાત લીધી. યાદવે જણાવ્યું હતું કે દેશભરમાંથી ૧૦ લાખથી વધુ લોકો રેલીમાં હાજરી આપશે. તેમણે ઉમેર્યું હતું કે મોટી સંખ્યામાં લોકો આવવાથી સ્થાનિક વ્યવસાયોને વેગ મળશે. દરમિયાન, ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી (CTI) એ ફરી રાહુલ ગાંધીને પત્ર લખીને રેલીનું સમયપત્રક બદલવાની માંગ કરી છે. રામલીલા મેદાનમાં મેગા રેલીનું આયોજન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા રદ કરવાની માંગ માટે કરવામાં આવી રહ્યું છે. મંગળવારે તૈયારીઓની સમીક્ષા કરવા પહોંચેલા નેતાઓમાં દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવેન્દ્ર યાદવ, દિલ્હી કોંગ્રેસના પ્રભારી કાઝી નિઝામુદ્દીન અને પવન ખેરાનો સમાવેશ થાય છે.

દેવેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે રેલીની તૈયારીઓ સારી રીતે ચાલી રહી છે અને દેશભરમાંથી ૧૦ લાખથી વધુ લોકો આવવાની અપેક્ષા છે. આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ રેલીમાં હાજરી આપે તેવી શક્યતા અંગે તેમણે કહ્યું કે આ



સંદર્ભમાં તેમના નિવેદનો પહેલાથી જ આપવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે મત ચોરી અટકાવવાના મુદ્દા પર ઓલ ઈન્ડિયા એલાયન્સ અને વિપક્ષ એક થયા છે. રામલીલા મેદાનમાં મોટી મેળાવડાની દિલ્હીના વ્યવસાય પર પડેલી અસર અંગે દેવેન્દ્ર યાદવે કહ્યું કે આ વખતે રેલી ઐતિહાસિક બનવાની છે. તેમણે દાવો કર્યો હતો કે તેમણે ઘણા ઉદ્યોગપતિઓ સાથે વાત કરી છે અને તેઓ રેલીથી ખુશ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રવિવારના દિવસ જેવા કાર્યક્રમો પહેલા પણ યોજાઈ ચૂક્યા છે. તેમણે ઉદ્યોગપતિઓ સાથે વાત કરી છે અને કેટલાક ઉદ્યોગપતિઓ રેલીમાં સક્રિયપણે ભાગ લેશે. તેમણે આરોપ લગાવ્યો હતો કે સરકાર દબાણ હેઠળ છે અને વિવિધ સંગઠનો આ મુદ્દે અલગ અલગ દ્રષ્ટિકોણ રજૂ કરી રહ્યા છે.

બીજી તરફ, ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી (CTI) એ માંગ કરી છે કે ૧ નવેમ્બરના રોજ યોજાનારી મેગા રેલી દિવાળી પછી ફરીથી શેડ્યૂલ કરવામાં આવે. ઈઝઈં ના ચેરમેન બ્રિજેશ ગોયલના જણાવ્યા અનુસાર, સંગઠને ૨૭ ઓક્ટોબરે રાહુલ ગાંધીને ફરીથી પત્ર લખીને પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. બ્રિજેશ ગોયલે કહ્યું કે રાહુલ ગાંધીએ ૨૬ ઓક્ટોબરે સોશિયલ મીડિયા દ્વારા વેપારીઓને સંબોધિત કર્યા હતા. સીટીઆઈએ જણાવ્યું હતું કે આના પગલે, રામલીલા મેદાનની આસપાસ સ્થિત ૨૦ મુખ્ય બજારોના વેપારીઓ ચિંતિત અને નિરાશ છે. સંગઠનનું કહેવું છે કે દિવાળીની ટોચની સીઝન દરમિયાન રેલી યોજવાથી વ્યવસાય પર અસર પડી શકે છે.

બંગાળમાં ખરો ખેલ ખુલ્યો!

દિલ્હીમાં ચૂંટણી પંચના અધિકારીઓ છેલ્લી ઘડી સુધી ત્રણ બાબતોથી અજાણ હતા

નવીદિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા ચૂંટણી પંચના સોગંદનામામાં બંગાળ SIR અંગે એક મહત્વપૂર્ણ ખુલાસો થયો છે. આ મુજબ, બંગાળમાં મતદારોના નામ કાઢી નાખવા સામે દાખલ કરાયેલી અપીલો રાજ્ય ચૂંટણી પંચના કહેવાથી તેના અધિકારીઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે, ભારતના ચૂંટણી પંચને આ વાતની જાણ પણ નહોતી. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઇત્રાએ હવે આ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. મહુઆ કહે છે કે બંગાળમાં ખરા અર્થમાં શું રમત રમાઈ હતી, જે હવે ધીમે ધીમે બહાર આવી રહી છે. ચૂંટણી કમિશનર એસએસ સંધુએ વાંધા પત્રમાં લખ્યું છે કે ચૂંટણી પંચના અધિકારીઓએ SIRના આધારે બંગાળમાં નામ કાઢી નાખવા સામે અપીલ દાખલ કરી હતી. ચૂંટણી કમિશનર કે રાજ્ય ચૂંટણી પંચના અધિકારીને આ વાતની જાણ નહોતી. એસએસ સંધુએ એક બેઠકમાં આ



અંગે પ્રશ્નો પણ ઉઠાવ્યા હતા, પરંતુ કોઈએ તેનો ખુલાસો કર્યો ન હતો.

ચૂંટણી પંચના સોગંદનામામાં જણાવાયું છે કે ચાર દિવસ પહેલા જ તેમને એ પણ જાણ કરવામાં આવી હતી કે રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓએ ૧.૬૧ મિલિયન મતદારો સામે અપીલ દાખલ કરી છે. કમિશન કહે છે કે આ ખોટું નથી. બધું સુપ્રીમ કોર્ટના માર્ગદર્શિકા અનુસાર કરવામાં આવ્યું હતું. જોકે, ચૂંટણી પંચના ઉચ્ચ સ્તરો સાથે આ માહિતી કેમ શેર કરવામાં આવી ન હતી તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. બંગાળમાં SIR દરમિયાન કાઢી નાખવામાં આવેલા નામો અંગે સસ્પેન્સ હતું. ચૂંટણી પંચે તે સમયે આ મુદ્દાને સ્પષ્ટ કર્યો ન હતો. જ્યારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ, ત્યારે પંચે જણાવ્યું હતું કે કુલ ૩.૮ મિલિયન મતદારો SIR થી પ્રભાવિત થયા હતા. આમાંથી ૨.૨ મિલિયન એવા હતા જેમના નામ કાઢી નાખવામાં આવ્યા હતા અને તેઓ પુનઃસ્થાપિત કરવા માંગતા હતા. ૧.૬ મિલિયન લોકોએ તેમના કાઢી નાખવા સામે અપીલ દાખલ કરી હતી.

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઇત્રાના જણાવ્યા અનુસાર, તત્કાલીન મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) એ બધાને અંધારામાં રાખીને બંગાળની ચૂંટણીમાં છેડછાડ કરી હતી. ભાજપ ચૂંટણી જીત્યા પછી, અગ્રવાલને રાજ્યના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. મહુઆએ અગ્રવાલની ભૂમિકાની તપાસની માંગ કરી છે. તૃણમૂલ કોંગ્રેસનો દાવો છે કે ૨૦૨૬ની બંગાળ ચૂંટણીમાં તેને શાસક પક્ષ, ભાજપ કરતાં ૩ મિલિયન ઓછા મત મળ્યા હતા. ચૂંટણીમાં ભાજપને ૨૯ મિલિયન મત મળ્યા હતા, જ્યારે તૃણમૂલ કોંગ્રેસને ૨૬ મિલિયન મત મળ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસનો દાવો છે કે SIR માં ૩૮ લાખ નામોની સમસ્યાને કારણે બંગાળની ચૂંટણીમાં તેમનો પરાજય થયો. તૃણમૂલ કોંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં ૩૦ બેઠકોની યાદી રજૂ કરી છે જ્યાં SIR એ ચૂંટણી પર સીધી અસર કરી હતી.

ચૂંટણી પંચનો કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું છે કે આ મામલાની તપાસ કરવામાં આવશે. બંગાળમાં SIR સંબંધિત બીજો કેસ પહેલાથી જ પેન્ડિંગ છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુનિયાએ જણાવ્યું હતું કે જો એવું જાણવા મળશે કે SIR ઉમેદવારની હારનું કારણ બન્યું છે, તો તેઓ કડક કાર્યવાહી કરશે. દરમિયાન, બંગાળમાં જેમના નામ કાઢી નાખવામાં આવ્યા હતા તેમના કેસ ટ્રિબ્યુનલ સમક્ષ પેન્ડિંગ છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ટ્રિબ્યુનલે અત્યાર સુધીમાં ૧૦૦,૦૦૦ કેસોમાં પોતાનો ચુકાદો આપ્યો છે. આમાંથી ૯૩ ટકા કેસોમાં ટ્રિબ્યુનલે મતદારોના પક્ષમાં ચુકાદો આપ્યો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

ચિંતનની ક્ષણે

'હું કંઈક છું' અને 'હું કંઈ જ નથી' બંને ભાવની અતિશયોક્તિ માનસિક વિકારનું કારણ બને છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અત્યારે બજારમાં દાડમ, સફરજન, જમરુખ, સીતાફળ, પપૈયું, મોસંબી! વગેરે ફળો વેચાય છે, આમ દરેક ઋતુમાં પ્રકૃતિ આપણને અસંખ્ય ફળ આપે છે, અને હકીકતમાં આપણે શું કરવાનું હોય છે, આપણે એ ફળને પ્રસાદ તરીકે ગ્રહણ કરી, તૃમિનો ભાવ મેળવવાનો હોય છે. પરંતુ એ ફળ કેમ,અને કયાં વૈદ્યાનિક સિદ્ધાંત મુજબ ઉત્પન્ન થયું, અથવા ઓર્ગેનિક છે કે, પછી કયા પ્રદેશનું છે વગેરેની આંટીઘૂંટીમાં આપણે અટવાઈ જઈએ છીએ, અને ફળનો સ્વાદ લઈ શકતાં નથી. ટૂંકમાં કહીએ તો સત્ય આપણી સામે હોવા છતાં માનવી ભૂલ કરે છે, એમાં જ જીવનનાં સાર ને પકડી શકતો નથી. તો આજે આપણે કેવી નાની નાની ભૂલો કરી અને પરમ તત્વને માણી શકતા નથી, એ વિશે ચિંતનમાં વાત કરીશું.

ભૂલ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો ન કરવા જેવું થઈ જાય, તેને આપણે ભૂલ કહેતા હોઈએ છીએ, અને ભૂલનો એક અર્થ ચૂક થવી અથવા ચૂકી જવું એવું પણ થાય છે. સમયની પાઠશાળા રોજ આપણને કેટકેટલા પાઠ શીખવે છે. છતાં જીવનમાં આપણે વારંવાર ભૂલ કરતા હોઇએ છીએ, અને જુદીજુદી કરીએ તો હજી પણ માંફી છે, પરંતુ આપણે તો એકની એક જ ભૂલ દોહરાવી રહ્યા છીએ. આજે તો માનવીએ ભૂલથી ભરેલું યંત્ર હોય તેમ સતત લાગે છે.

શરૂઆતના દસ વર્ષ નિર્દોષતા કે નિખાલસતા ના આપણે કાઢી નાખીએ, હકીકતમાં આજની પેઢીમાં આ ૧૦ વર્ષ પહેલા જ વિકારીત ભાવની પુષ્ટિ થઈ ગઈ છે. છતાં પણ દસ વર્ષ માફીના કાઢીએ, તો વિદ્યાર્થી અવસ્થાથી જ શરૂ થાય છે. એટલે કે કહેવાતી પરીક્ષાઓ કે સ્પર્ધાઓમાં પાસ થવા માટે અહીં નાની મોટી ભૂલ થતી હોય છે, અથવા તો ક્યારેક જાણી જોઈને પણ ભૂલ કરાતી હોય છે. ક્યારેક ચોરી તો, ક્યારેક અન્ય કોઇ પ્રકારે પણ આ પરીક્ષાઓમાં પાસ થવા માટેનો પ્રયત્ન થતાં હોય છે. એટલે કે અંક ગુણની પ્રાપ્તિ માટે ગુણનું ચૂકી જવું, એ વિદ્યાર્થી અવસ્થાની સૌથી પહેલી ભૂલ છે. ચિઠ્ઠી ચપાટી કરે એ તો ભૂલ છે જ, પરંતુ મનમાં વિકાર આવે એટલે કે સ્પર્ધા હોવાથી હું સર્વશ્રેષ્ઠ સાબીત થાવ, અને અન્ય કોઈ પ્રથમ આવે નહીં અથવા તો બીજા બધા પાછળ રહી જાય એવો ભાવ લગભગ બધા વિદ્યાર્થીઓમાં જોવા મળે છે,એ પહેલી ભૂલ.આપણે સૌ કોઈ જાણીએ છીએ કે એક જુઠ છૂપાવવા બીજા સો જૂઠ બોલવા પડે, એમ એક વાર મનમાં વિકાર આવે એટલે પછી ધીરે ધીરે બીજા કેટલાય વિચારો આવતા જાય છે.જેમ શરીરની વૃદ્ધિ છે,એ જ રીતે માનસની પણ વૃદ્ધિ થાય છે, અને એ જો વિકારી થયું હોય તો વિકારોની વૃદ્ધિ થાય, અને ગુણીત થયું હોય તો ગુણોની વૃદ્ધિ થાય, એ એક સિધુ ગણીત છે. પરિવારની આર્થિક જવાબદારી હોય તો ક્યારેક ન ઇચ્છવા છતાં પણ અહીં ભૂલ થતી જોવા મળે છે, એટલે અત્યાર સુધી ભૂલ રહિત માનસ માં વિકાર આવે છે. કોઈ હજી પણ વિકાર રહિત રહી શક્યું હોય, એટલે કે સારા ગુણ મહેનતથી પ્રાપ્ત થયા હોય, અને ઈશ્વર કૃપા રહી હોય તો સારું આર્થિક વળતર મળે તેવી સર્વિસ કે અન્ય કોઈ વેપારમાં પણ લાગી જાય અને વેપાર જામી પણ જાય. સંજોગોને કારણે ઘણીવાર કોઈ ભૂલ કરી બેસે. આપણે જાણીએ છીએ ઘણીવાર ઘણાં લોકો પોતાના સિદ્ધાંતને છોડતા નથી, અને જે તે જગ્યાએથી રાજીનામું આપતા પણ જોવા મળે છે, અને સત્યના સંકલ્પને વળગી રહે છે. એટલે કે માનસને ભૂલ રહિત રાખી શકે છે, તેને ભ્રષ્ટ થતું અટકાવે છે. પરંતુ ક્યારેક સમય સંજોગ પણ એવી સ્થિતિમાં લાવી દેતા હોય, કે ક્યારેક ભૂલ થવી સંભવ બને છે. છતાં કોઈ હજી વધુ જાગૃત હોય, અને ત્યારે પણ બચી જાય, એટલે કે કઠિન સંજોગોમાં પણ મનને નિર્મળ રાખી શકે તો એ સારી કક્ષા છે, અને એને વંદન કરવા ઘટે.

સંસારી જીવનાં જીવનમાં એવી તો કેટલી એ ઘટના ઘટતી હોય છે કે, જે સત્યને ચૂકી જાય છે, અને અસત્યનું જાણે અજાણે આચરણ કરીને માનસ વિકારીત બનાવે છે. બે-ચાર સારી ડિગ્રી હાંસલ કરે, કે સારી કલા ઈશ્વરના વરદાન તરીકે પ્રાપ્ત થાય, તો ગઈકાલે નમ્રતાથી જીવતો માનવીમાં આજે અચાનક, હું કંઈક છું અથવા તો હું મહાન છું ની ભાવના રાખી જીવતો જોવા મળે, અને હું કંઈક છું, કે હું મહાન છું, આ બંને ભાવ માણસને વિકારીત કરે છે. હું કંઈક છું એ ભાવમાં સતત અન્ય તુચ્છ છે, એવો ભાવ અદ્રશ્ય રીતે છુપાયેલો હોય છે, જે આપણા વર્તનમાં વિનમ્રતા રાખવા દેતો નથી, અને ત્યાં તોછડાપણું કે તિરસ્કારનો ભાવ જાણે અજાણે પ્રવેશી જાય છે, અને માનસ વિકારીત થાય છે. એટલે ગુરુતાગ્રંથીથી પીડાતો માણસ વારંવાર હું કંઈક છું ની ભૂલ કરતો જોવા મળે છે.

જેમ હું કંઈક છું એવો ભાવ માનસને વિકારીત કરે છે, એ જ રીતે હું કંઈ જ નથી, એ ભાવ પણ માનસમાં વિદ્રોહ રૂપે વિકાર પેદા કરે છે. દરેક જગ્યાએથી જ્યારે તિરસ્કાર મળે ત્યારે સ્વાભાવિક પણે જ વિદ્રોહ થાય, વિદ્રોહ એ સાચું, સારું, ખોટું, એવું કંઈ જ જોવા દેતો નથી, અને અહિંસાનો ભાવ પ્રબળ બને છે, હિંસા એ વિકારની અંતિમ અવસ્થા છે. ઘણીવાર આપણે જોતા હોઈએ છીએ કે, કોઇ સંજોગનો શિકાર બનેલો માનવી ગઈકાલ સુધી એકદમ સ્વસ્થ રીતે જીવતો હતો, અને અચાનક એવું શું થયું કે તેણે ખૂન કરી નાખ્યું, કે પછી આત્મહત્યા કરી નાખી,કે પછી કંપનીમાં ફ્રોડ કર્યું, ભ્રષ્ટાચાર કર્યો, લાખો રૂપિયાની ઉઠાંતરી કરીને ચાલ્યો ગયો, એવા તો કેટલાય દાખલાઓ ગણાવી શકાય.

વિદ્યાર્થી અવસ્થામાં અંક પ્રાપ્ત કરવા અથવા તો સર્વ શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરવા માટે મનમાં પ્રવેશી ગયેલો નાનો એવો વિકાર ધીરેધીરે વૃદ્ધિ પામી, અને ક્યાં સુધી પહોંચે છે. ગુણ પ્રાપ્ત કરવા અથવા તો સર્વશ્રેષ્ઠનું બિરુદ પ્રાપ્ત કરવાનો એક સાવ સરળ માર્ગ આપણે ત્યાં બુદ્ધ પુરુષો અને સિદ્ધપુરુષો બતાવી ગયા છે. સમર્થના અસ્તિત્વમાં આપણું નાનું એવું વ્યક્તિત્વ ભેળવી દઈએ, તો આપણે પણ સમર્થ બની શકીએ. હાથીના પગલામાં આપણું નાનું એવું પગલું જુદુ દેખાતું નથી, અને આપણે હાથી જેવું બનવું હોય, એટલે કે વિરાટ વ્યક્તિત્વ બનાવવું હોય, કે સર્વશ્રેષ્ઠ બનવું હોય તો, આ એક અને એક માત્ર ઉપાય છે. અથવા ઈશ્વર નિરાકાર બ્રહ્મ છે, અને હું તેનો એક અંશ છું, અથવા તો હું તેનામાં સમાહિત છું, માટે તે સર્વગુણ મારા પણ છે, અને આ રીતે અનંત ગુણોને અનુભવી શકાય છે, કે આત્મસાત કરી શકાય છે, આ એક અને એક માત્ર ઉપાય અનંત ગુણ પ્રાપ્ત કરવાનો છે. જીવનમાં હું કંઈક છું, અથવા તો મહાન બનવામાં કઈ કેટલા ખેલ આપણે સૌ ખેલી ચૂક્યા છીએ. સંસારી છીએ એટલે જાણે અજાણે કેટલીએ ભૂલો કરી છે, અને વ્યવહારોના દંભ પણ કર્યા છે. સદગુરુ અનંત ગુણ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય, એનો બોધ આપી રહ્યા છે, ત્યારે હવે આ તક ચૂકી જવાની ભૂલ કરીએ નહીં, અને એ અનંત ગુણોના સ્વામી એવા પરમ કૃપાળુ પરમાત્માના અસ્તિત્વમાં આપણું નાનું એવું વ્યક્તિત્વ સામેલ કરી, અને જીવવાનો પ્રયત્ન આપણે સૌ કરી શકીએ, એવી અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આપઘાતના વીસ દિવસ પહેલા પણ રમેશભાઇને પિત્રાઇએ પાંચ લાખની મદદ કરી હતીઃ ફરી આઠ લાખ લેવા જતાં ભાઇએ પુછતાં પોતે કઇ રીતે વ્યાજખોરીમાં ફસાયા તેની અતથી ઇતી સુધીની હકિકત જણાવી હતી

દંપતિને મરવા મજબૂર કરનાર ત્રણ વ્યાજખોર ઝડપાયા

ભક્તિનગર પોલીસે ભગવતીપરાની મહિલા ફકરૂનીશા, જામનગરના ટ્રાન્સપોર્ટર ગોગન અને પોપટપરાના નીઝામને દબોચ્યાઃ હજુ અન્યોની શોધખોળઃ વ્યાજખોરોએ લાખો વ્યાજ વસુલ્યા પછી પણ બીજા નવ લાખ, સાત લાખ બાકી છે એવા લખાણો લખાવી લીધા હતાંઃ ફોનથી, રૂબરૂ, ધંધાના સ્થળે આવી સતત ધમકાવતાં હતાંઃ ભક્તિનગર પોલીસે આકરી કાર્યવાહી કરી

રાજકોટ, તા. ૨૭

વ્યાજખોરોએ લસણના કારખાનેદાર યુવાન અને તેના પત્નિને મરવા મજબૂર કર્યાની ઘટનામાં ભક્તિનગર પોલીસ એક મહિલા સહિત પાંચ વ્યાજખોરો સામે ગુનો દાખલ કરી રાતોરાત મહિલા વ્યાજખોર, એક ટ્રાન્સપોર્ટર સહિત ત્રણને ઝડપી લીધા છે. એક વ્યાજખોરે તો કાર પણ પડાવી લીધાનું ખુલ્યું હતું. મરતાં પહેલા આ દંપતિ પોતાના વયોવૃધ્ધ પિતા પાસે પોક મુકીને રડ્યું હતું અને કહ્યું હતું કે અમે વ્યાજખોરોના ચક્કરમાં એવા ફસાયા છીએ કે આમાંથી નીકળવું શક્ય નથી, વ્યાજખોરો અમને જીવવા નહિ દે. આવુ કહીને કારખાને જતાં રહ્યા બાદ બંનેએ જીવ દીધો હતો. તેમણે વ્યાજખોરોને ચુકવેલી રકમો, વ્યાજની વિગતો મોબાઈલની ચેટમાંથી પોલીસને મળી હતી. કઇ રીતે વ્યાજખોરોએ ચામડાતોડ વ્યાજ વસુલ્યુ તેની હકિકત પોલીસે નોંધેલી એફઆઇઆરમાં સામે આવી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં ભક્તિનગર પોલીસે પત્નિ ભારતીબેન સાથે આપઘાત કરી લેનારા લસણના વેપારી રમેશભાઇ માવજીભાઇ ચાવડાના પિતા કૃષ્ણનગર-૧૨ ચામુંડા કૃપા ખાતે રહેતાં અડસઠ વર્ષના માવજીભાઇ કાનજીભાઇ ચાવડા-કોળીની ફરિયાદ પરથી ટ્રાન્સપોર્ટના ધંધાર્થી ગોગન કારાભાઇ બંધીયા (ઉ.વ.૪૨, રહે. લાલપુર રોડ, પટેલ પાર્કની પાછળ ગોકુલ દર્શન શેરી નં. ૧૨, મકાન નં. ૧૧૨ જામનગર), ફકરૂનીશા મહમદહુશેન બુખારી (ઉ.વ.૩૬-રહે. ભગવતીપરા એ.જી. પાર્ક બ્લોક નં. ૯) અને નીઝામ અબ્બાઇભાઇ હુસા (રહે. પોપટપરા શેરી નં. ૧૬, પ્રકાશ પ્રોવીઝનવાળી શેરી), તેમજ અજયસિંહ અને વ્યાજના રૂપિયા માટે સેલેરીયો કાર લઇ જનારા બાપુ તથા તપાસમાં ખુલે તેની સામે મનીલેન્ડર્સ એક્ટ અને મરી જવા મબજૂર કર્યાની કલમો હેઠળ ગુનો નોંધી રાતો રાત મહિલા વ્યાજખોર ફકરૂનીશા તેમજ ટ્રાન્સપોર્ટર ગોગન અને નીઝામને ઝડપી લઇ વિશેષ કાર્યવાહી કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ શરૂઆતમાં ફકરૂનીશાએ ગોગન પાસે નાણા અપાવ્યા હતાં અને પોતે પણ ઉંચા વ્યાજે નાણા આપતી હતી. તેણીએ જ જો ૨૬મીએ ૭ લાખ નહિ મળે તો રોજના ૭૦ હજાર વસુલવામાં આવશે તેવી ધમકી આપી હોઇ રાતોરાત રમેશભાઇ નાણા ભેગા કરવા નીકળ્યા હતાં.

પણ મેળ ન પડતાં પત્નિ સાથે મોતનો રસ્તો અપનાવવા મજબૂર થયા હતા. માવજીભાઇ ચાવડાએ જણાવ્યું છે કે મારે સંતાનમાં એક દિકરો તથા બે દિકરીઓ છે જેમાં સૌથી મોટી દિકરી સંગીતાબેને અશ્વીનભાઇ મકવાણા છે જે જામનગર રોડ ઉપર બજરંગ વાડીમાં તેના પરીવાર સાથે રહે છે. તેનાથી નાની દિકરી કાજલબેન અશોકભાઇ છત્રાળા છે જે જુનાગઢ સાસરે છે તથા સૌથી નાનો દિકરો રમેશભાઇ જે મારી સથે જ તેના પરીવાર સાથે રહેતો હતો. રમેશ તેના પત્નિ ભારતી સાથે છેલ્લા બારેક વર્ષથી અટીકા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ફાટકથી આગળ દેવકી કારખાનાવાળી શેરીમાં ઉમીયા પાનની સામે આવેલ જગદીશભાઇ પટેલનુ કારખાનુ ભાડે રાખી મશીનમાં લસણ ફોલવાનુ કારખાનુ ચલાવી અને લસણનો વેપાર ધંધો કરતો હતો. રમેશ અને ભારતીને સંતાનમાં એક દિકરો જય ૧૫ વર્ષનો છે. દિકરો રમેશ તથા તેના પત્નિ ભારતી બંને દરરોજ સવારે સાત વાગ્યે અટીકામાં આવેલ કારખાને જતા હોય છે.

માવજીભાઇએ વધુમાં જણાવ્યું હતું કે રવિવારે પણ સવારએ સાતેક વાગ્યાના અરસામાં અમારા ઘરેથી કારખાને જવા માટે નીકળેલ હતા. ત્યારબાદ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં રમેશનો મને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે- તમે તૈયાર થઇ જાવ હુ હમણા ઘરે આવુ છું, આપણે લક્ષ્મીદાસને ત્યા તેના ગેરેજે જવાનુ છે. આ પછી થોડીવારમાં દિકરો રમેશ મને લેવા આવતાં અમે બંને બાઇક પર કોરાટ ચોકમાં મારા સગા ભાઇના



દિકરા લક્ષ્મીદાસ દેવશીભાઇ ચાવડાના ગેરેજ ખાતે ગયા હતાં. જ્યાં રમેશે મારા ભત્રીજા લક્ષ્મીદાસ પાસે રૂ.૮ લાખ માંગ્યા હતાં. જેથી મારા ભત્રીજાએ મારા દિકરા રમેશને કહેલું કે- હમણાં જ વીસ દિવસ પહેલા જ રૂપિયા પાંચ લાખ આપ્યા છે, તારે પાછા રૂ.૮ લાખને શુ કરવા છે? ત્યારે રમેશએ લક્ષ્મીદાસને કહેલ કે મારે આ રૂ.૮ લાખ ગોગન બંધીયાને દેવાના છે.આથી લક્ષ્મીદાસે કઇ રીતે રૂપીયા લીધા છે? તે પુછતાં રમેશે જણાવેલું કે મેં પહેલા રૂ.૨ લાખ લીધેલ, ત્યારબાદ પાછા રૂ.૨ લાખ લીધેલ. ત્યારબાદ આ રૂપીયાના વ્યાજમાં ન પહોચાયેલ તો ફરી પાછા રૂ.૧ લાખ લીધેલ છે.

આમ કુલ રૂ.૮ લાખ વ્યાજે લીધેલ છે અને આ રૂ.૮ લાખમાંથી રૂ.૧ લાખ ભરી દીધા છે અને રૂ.૭ લાખ ભરવાના છે જો તમે મને રૂ.૭ લાખ ન આપો તો મારે તા.૨૬/૧૦/૨૦૨૬ પછી દરરોજના રૂ.૭૦ હજાર વ્યાજના આપવા પડશે. ત્યારે લક્ષ્મીદાસે રમેશને કહેલ કે રૂ.૭૦ હજાર કેમ? આથી રમેશએ કહેલ કે મેં હાલમાં દરરોજનુ રૂ.૪૨ હજાર વ્યાજ છ દિવસથી ભરવાનુ ચાલુ કરેલ છે. અગાઉ હું દરરોજનુ રૂ.૨૦ હજાર વ્યાજ ભરતો હતો. આ વ્યાજ હુ ગોગનને ભરતો હતો. રાત્રીના સવા નવ વાગ્યા સુધી આ રીતે વાતચીત ત્યાં લક્ષ્મીદાસના ગેરેજ ખાતે હતી. એ વખતે મારો દિકરો રમેશ ખુબ જ ટેન્શનમાં હતો. ત્યારબાદ આ લક્ષ્મીદાસના ગેરેજથી હું તથા દિકરો રમેશ બંને અમારા ઘરે આવી ગયા હતાં. રાત્રીના દસેક વાગ્યા જેટલો સમય થયો હશે ત્યારે રમેશની પત્નિભારતી પણ કારખાનેથી ઘરે આવી ગઇ હતી. તેણી પણ ખુબ જ ટેન્શનમાં હોય તેવુ મને લાગ્યું હતું.

ભારતી તથા રમેશ બંનેને એક લસણનો ઓર્ડર આવતાં અમારા ઘરે લસણ હતુ તે લઇ બંને રાતે સવા દસેક વાગ્યે લસણ આપવા નીકળી બાદમાં સાડા દસેક વાગ્યે પરત આવી ગયા હતાં. ત્યારબાદ રાત્રીના અગીયારેક વાગ્યાના અરસામાં દિકરા-વહૂએ વાત કરી હતી કે વ્યાજના રૂપીયાવાળા ખુબજ હેરાન કરે છે. અમે ગોગન બંધીયા પાસેથી ત્રણ મહીના પહેલા સાડા ચાર લાખ લીધેલ હતાં, તે ફકરૂનીશા બુખારી મારફતે લીધેલ હતાં. આ સાડા ચાર લાખના બદલામાં મેં ગોગનને ને રૂ.૨૧ લાખ ચુકવી દીધા છે. તેમ છતા ચારેક દિવસ પહેલા મારી પાસે હજુ તેને રૂ.૨૦ લાખ આપવાના તેવુ અમારી પાસેથી પરાણે લખાણ કરાવી લીધુ છે અને મારી તથા ભારતી બંનેની આ લખાણમાં સહીઓ કરાવી લીધેલ છે અને ચેક લઇ લીધેલ છે. તેમજ ગોગન હજુ વધુ વ્યાજ માટે દબાણ કરી ધમકી આપે છે. ફકરૂનીશા બુખારી જે અગાઉ ગુંદાવાડીમાં અમે કપડા લેવા જતાં ત્યા કામ કરતી હોઇ જેથી તેની સાથે પરીચય થયો હતો.

અમે તેણીની પાસેથી પણ રૂપીયા સાડા ચાર લાખ લીધા હતાં તેને પણ રૂ.૧૫ લાખથી વધુ વ્યાજ સહીત ચુકવી દીધુ છે, ફકરૂનીશાએ પણ મારી પાસે બે મહીના પહેલા પરાણે રૂ.૯ લાખનુ લખાણ કરાવી લીધેલ છે અને તે પણ રૂપીયા માટે ખુબજ પ્રેશર કરે છે ધમકી આપે છે. તેમજ બે મહીના પહેલા નીઝામ અબ્બાસભાઇ ઘુસા જે પોપટપરા માં રહે છે, તેની પાસે રૂ.૧ લાખ લીધેલ હતાં. તેને દરરોજનુ રૂ.૪ હજાર વ્યાજ ચુકવુ છુ તેને રૂ.૧,૨૦,૦૦૦ ચુકવી દીધેલ છે તેમ છતા હજુ વ્યાજ તેમજ મુળી સહીતના રૂપીયા માંગે છે અને તે પણ ફોન કરીને સતત હેરાન કરે છે. આ ઉપરાંત અજયસિંહ પાસેથી પણ રૂ.૨ લાખ લીધેલ હતાં, તે પણ વ્યાજ સહીત ચુકવી દિધેલ છે પરંતુ તેમ છતા તે સતત ફોન કરી અને હજુ વધુ રૂપીયાની ઉઘરાણી કરી અને ધંધાના સ્થળે આવી અને ધમકાવીને હેરાન કરે છે. આ ઉપરાંત મારા દિકરા રમેશે કહ્યું હતું કે આપણી સેલારીયો કાર એક બાપુને વ્યાજના રૂપીયા માટે આપી દીધી હતી.

આ કાર પરત આપતા ન હતા અને વ્યાજના રૂપીયાની ઉઘરાણી કરે છે. આ બધા મને તથા ભારતી બંનનેે ફોન કરીને વ્યાજના રૂપીયા આપી દેવા ખુબજ હેરાન કરે છે અને કારખાને આવીને પણ ખુબજ વ્યાજના રૂપીયા આપી દેવા દબાણ કરે છે. અમે ખુબજ થાકી ગયા છીએ, હવે કયાંયથી રૂપીયાની સગવડ થાય તેમ નથી. આ બધાના ત્રાસથી અમે કંટાળી ગયા છીએ. આ બધાને વ્યાજ ચુકવવામાં એટલુ બધુ રૂપીયાનુ ચકકર ફરી ગયું છે કે કોઇ રીતે ભેગુ થાય તેમ નથી. આ લોકો અમને જીવવા નહી દે. તેવી વાત રમેશ અને ભારતીએ મને કરી હતી. આ પછી રાતે દોઢેક વાગ્યે અમે જાગતાં હોઇ ફરીથી મારો દિકરો રમેશ અને પુત્રવધૂ ભારતી બંને ગભરાયેલી હાલતમાં ખુબ જ ટેન્શન સાથે મારી પાસે આવી રડવા માંડ્યા હતાં અને રડતાં રડતાં વાત કરી હતી. આથી મેં રાત પોણા બેએક વાગ્યાના અરસામાં ભત્રીજા લક્ષ્મીદાસને ફોન કરી ઘરે આવી રમેશ તથા તેની પત્નિભારતીને સમજાવવા માટે બોલાવ્યો હતો. આ દરમિયાન નજર ચુકવી રમેશ અને ભારતી તેનું ટુવ્હીલર લઇ ઘરેથી નીકળી ગયા હતાં.

માવજીભાઇએ વધુમાં કહ્યું કે હું ડેલી બહાર લક્ષ્મીદાસની રાહ જોતો ઉભો હતો. અઢી પોણા ત્રણેક વાગ્યે લક્ષ્મીદાસ આવતાં અમે બંને રમેશના અટીકાના કારખાને પહોંચ્યા હતાં. જ્યાં ખાલી શટર બંધ હોઇ તે ખોલીને જોતાં અંદર મારા દિકરા વહૂ લટકતા મળ્યા હતાં. આથી હું ખુબ ગભરાઇ ગયો હતો અને મારા મોઢામાંથી રાડ નીકળી ગઇ હતી. ભત્રીજાએ ૧૦૮બ બોલાવી હતી. તેના ડોકટરે મારા દિકરા-વહૂને મૃત જાહેર કર્યા હતાં. અંતિમવિધી બાદ અમે પરીવારના સભ્યોએ મળી મારા દિકરા રમેશ તથા તેની પત્નિ ભારતીના મોબાઇલમાં વ્હોટ્એપ ચેક કરતાં નીશામેમ એટલે કે ફકરૂનીશાને રૂપિયા મોકલ્યા છે, વ્યાજના રૂપીયાની વાતચીતની ચેટ મળી હતી. તેમગ ગોગનભાઇ નામનથી નંબર હતાં તેમાં પણ એકાઉન્ટની વિગત તથા વ્યાજના ઓનલાઇન રૂપીયા ટ્રાન્સફર કરેલ તેના ફોટા તથા ચેટ જોવા મળી હતી.

દિકરો વહુ ગુમાવનારા વૃધ્ધ માવજીભાઇએ વધુમાં જણાવ્યું હતું કે મારા દિકરા રમેશને વ્યાજે રૂપિયા આપી તેની પાસે મસમોટુ વ્યાજ વસુલી લઇ હજુ પણ વધુ વ્યાજની ઉઘરાણી સતત ચાલુ રાખી હેરાન કરી ધમકી અપાતી હોઇ રમેશ અને તેના પત્નિ મરી જવા મજબુર થઇ ગયા હતાં. ડીસીપી હેતલ પટેલ, એસીપી બી.વી. જાધવની સુચના અંતર્ગત ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર જે. ડી. પરમારના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. બી. રાણીંગા, એએસઆઇ નિલેષભાઇ મકવાણાએ ગુનો નોંધી ત્રણ આરોપી ગોગન બંધીયા, ફકરૂનીશા બુખારી નામની મહિલા અને નીઝામ ઘુસાને ઝડપી લઇ વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં ખુલ્યુ છે કે ફકરૂનીશાએ જ રમેશભાઇને ધમકી દીધી હતી કે ૨૬મી સુધીમાં ૮ લાખ નહિ મળે તો ત્યારપછી રોજના ૭૦ હજાર વ્યાજ થઇ જશે. ત્રણેયની વિશેષ પુછતાછ હાથ ધરવામાં આવી હતી.

નવ મહિના પહેલા ઓડીયા ગેંગ ઉપર ગુજસીટોકનો ગુન્હો દાખલ થયેલ તેમાં અરજી કર્યાનો ખાર

જુસો ભેગો થાય તો ભડાકે દેવાની ઓડીયા શખ્સની ધમકી

ગુજસીટોક બાદ પણ ગુનેગારો સુધરતા નથીઃ થોરાળા પોલીસે રેસ્ટોરન્ટ સંચાલકની ફરિયાદ દાખલ કરી

સાઇડ આપતી વખતે ઇન્ડીકેટર આપવા મામલે હરિ ધવા માર્ગ પર બખેડોઃ ક્રિકેટના બેટથી સટાસટી બોલાવાઇ

રાજકોટ, તા. ૨૭

શાંત શહેર ગણાતા રાજકોટમાં અવાર-નવાર કોઇને કોઇ લોકો નાની મોટી કે નવી જુની વાતોને લઇ જાહેરમાં જ બાકાઝીકી બોલાવી દેતાં હોય છે. ઘણીવાર ધાકધમકીનો સહારો લેતાં હોય છે. આ દરમિયાન શહેરમાં કુખ્યાત ઓડીયા ગેંગના સાગ્રીત ગણાતાં આવેશ ઉર્ફે અવલો ઓડીયા અને અબ્દુલ દલ સામે થોરાળા પોલીસમાં એક એફઆઇઆર દાખલ થઇ હતી. રેસ્ટોરન્ટ સંચાલક એવા પ્રૌઢના મિત્રના ફોનમાં ફોન કરી ઓડીયા ગેંગના આ શખ્સોએ તારો ભાઇબંધ જુસો ભેગો થાય એટલે ભડાકે દેવો છે તેવી ધમકી આપી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં થોરાળા પોલીસે રેસ્ટોરન્ટ સંચાલક જુસબભાઇ ઉર્ફે જુસો આમદભાઇ ઘુઘા નામના ઓગણપચાસ વર્ષના પ્રૌઢની ફરિયાદ પરથી ઓડીયા ગેંગના આવેશ અને અબ્દુલ દલ સામે ગુનો નોંધ્યો છે. જુસબભાઇના મિત્રના ફોનમાં કોલ કરી બંને આરોપીઓએ બેફામ ગાળો ભાંડયા બાદ 'જુસો ભેગો થાય એટલે તેના ઉપર ફાયરીંગ કરવું છે' કહી પતાવી દેવાની ધમકી આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર ભાવનગર રોડ પર ન્યુ થોરાળામાં રામનગર સોસાયટીમાં રહેતાં અને ગંજીવાડાના નાકા પાસે જે. ડી. રેસ્ટોરન્ટ ચલાવતાં જુસબભાઇ ઉર્ફે જુસ્સો આમદભાઇ ઘુઘાએ આ મામલે કુખ્યાત અવેશ ઉર્ફે અવલો ઓડીયા અને અબ્દુલ દલ (રહે. બંને નવા થોરાળા) સામે થોરાળા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, મારે પાંચ સંતાન છે જેમાં એક દિકરી મુસ્કાન છેજેના લગ્ન થઇ ગયેલ છે તે તેના સાસરે રહે છે. તથા ચાર દિકરા છે જેમાં સૌથી મોટો મુસ્તાક, બાદ મુસ્તુફા, બાદ ફરહાત બાદ આતીફ છે. હું ગંજીવાડાના નાકા પાસે જે. ડી. રેસ્ટોરન્ટ ચલાવીને મારા પરીવારનું ગુજરાન ચલાવું છું.

જુસબભાઇએ વધુમાં કહ્યું હતું કે ૨૫મીની રાતે આઠેક વાગ્યાના અરસામાં હું તથા મારો મિત્ર આરીફભાઇ પઠાણ બન્ને મારી રેસ્ટોરન્ટ ગંજીવાડાના નાકા પાસે આવેલ છે ત્યાં ચોકમાં ઉભા હતા તે દરમ્યાન એકસેસમાં અરબાજ રાઉમા તથા કુખ્યાત અવેશ ઉર્ફે અવલો ઓડીયા બન્ને ત્યાં નીકળેલ હતા અને મારી સામે જોઇને કાતર મારીને જતા રહેલ હતા. ત્યારબાદ આશરે પંદરેક મિનિટ પછી અબ્દુલ દલ મારા મિત્ર આરીફભાઇ પઠાણના નંબર પર ફોન આવેલ હોય જે દરમ્યાન હું ત્યાં બાજુમાં બેઠેલ હતો. તેનો ફોન સ્પીકરમાં રાખેલ હતો.

આ વખતે અબ્દુલ દલે ફોનમાં કહેલ કે 'જુસ્સો કયાં છે?' એટલી વારમાં અવેજ ઉર્ફે અવલો ઓડીયા પણ ફોનમાં બોલવા લાગેલ અને આ



બન્ને ફોનમાં મારૂં નામ દઇનેમ ારા વિશે ફોનમાં જેમફાવે તેમમાં ગાળો આપવા લાગેલ અને બન્ને કહેવા લાગેલ કે 'જુસો ભેગો થાય એટલે તેના ઉપર ફાયરીંગ કરવું છે એમ કહીને મને જાનથી મારી નાખવાની ફોનમાં ધમકી આપેલ હોવાથી ફરીયાદ નોંધાવી હતી. આ મામલે થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સ. એસ. પી. સોઢાની રાહબરીમાં એએસઆઇ વી. જી. બોરીચાએ ગુનો દાખલ કર્યો હતો. પીએસઆઇ બી. આર. સાવલીયા આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

માથાકુટની વધુ એક ઘટના બની હતી. જેમો સંસ્કાર ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં શેરી નં.૪માં ખોખડદળ નદીના પુલપાસે આજી રીંગ રોડ પર વૃંદાવન નામે કારખાનુ ચલાવતા બત્રીસ વર્ષના સાગરભાઇ વલ્લભાઇ ખુંટે તેના કારીગર અજયભાઇ માંડકણા સાથે બાઇક પર જઇ રહયા હતા ત્યારે હરીધવા રોડ પર પટેલ ચોક પાસે સાઇડ કાપી એકાએક ડાબીબાજુ વાળી લેનાર કાર ચાલકને ઇન્ડીકેટર બાબતે સમજાવતા ઉશ્કેરાઇ બને પર બેટ વડ હુમલો કરી અજયભાઇનો ફોન તોડી નાખ્યાની ભકિતનગર પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇ હતી.

વિગતો અનુસાર બત્રીસ વર્ષિય સાગરભાઇ ખુંટએ આ મામલે કાર ચાલક વિક્રમ રબારી સામે ભકિતનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે, ગઇકાલે સાંજે તે તેના કારીગર અજયભાઇ સાથે બાઇક લઇને કારખાનેથી આહીર ચોક પાસે જલારામ હાર્ડવેરમાં માલ લેવા માટે જઇ રહ્યા હતા ત્યારે હરી ધવા રોડ પર પટેલ ચોક પાસે કારના ચાલકે તેની બાજુમાંથી નિકળી એકાએક ડાબી બાજી વાળી લેતા તેનું બાઇક કાર સાથે અથડાતા રહી ગયુ હતું.

જેથી તેણે હાથ ઉંચો કરી 'ઇન્ડીકેટર તો મરાયને' કહેતા ચાલકે કાર ઉભી રાખી શું કહેશ તું?' તેમ કહેતા તેને ફરી 'ઇન્ડીકેટર તો મરાયને ભાઇ પાછળ કોઇક આવતુ હોય અડી જાય' તેમ કહેતા કાર ચાલકે 'મારે ઇન્ડીકેટર મારવું હોય તો મારૂ' તેમ કહી બોલચાલી કરી કારની પાછળ ડેકીમાંથી ક્રિકેટનું બેટ કાઢી બેટના બે ઘા ઝીંકી દીધા હતા. તેણે સાથેના કારીગર અજયભાઇને વિડીયો ઉતરવાનું કહેતા તેણે ફોનમાં વિડીયો શુટીંગ શરૂ કરતા તેને પણ કાર ચાલકે બેટના ત્રણેક ઘા ઝીંકી દેતા હાથમાંથી ફોન પડી ગયો હતો.

ત્યારબાદ તેને બેટથી તોડી નાખ્યો હતો. ઘટનાને પગલે લોકો એકઠા થઇ જતા ચાલક ત્યાંથી કાર લઇને જતા રહ્યો હતો. આ ઘટનામાં તેને ડાબા ખંભે અને કોણીના ભાગે જયારે તેના કારીગર અજયભાઇને જમણા હાથ, માથામાં અને વાસામાં ઇજા થઇ હતી. ત્યારબાદ તેમણે કાર નંબરના આધારે માહિતી મેળવતા ચાલક વિક્રમ રબારી હોવાનું જાણવા મળતા અંતે ફરીયાદ નોંધાવી હતી. ભકિતનગર પોલીસના પીઆઇ જે. ડી. પરમારની રાહબારીમાં પીએસઆઇ વી. એલ. રાઠોડે આ મામલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

બાદશાહે ચોરી ૦૦૦૭ નંબરની રિક્ષા ક્રાઇમ બ્રાંચ કલાકોમાં પકડી લીધો

રાજકોટ તા. ૨૭

ક્રાઇમ બ્રાંચે ગણતરીના સમયમાં વાહનચોરીનો ગુનો ઉકેલી નાંખ્યો હતો. કાલાવડ રોડ નજીક કોટેચા ચોક પાસે અભીલાષા પાર્ક મેઇન રોડ પર ફાયર સ્ટેશન પાસે રોહીતભાઇ લક્ષ્મણભાઇ જાદવની રૂા.૧૨ હજારની કિંમતની સીએનજી રિક્ષા અજાણ્યા તસ્કરો ચોરી કરી ગયાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ હતી. જે ગુનાનો ભેદ ક્રાઇમબ્રાંચે ઉકેલી આરોપીને પકડી લીધો હતો. નાનામવા મેઇન રોડ પર લક્ષ્મીનગરમા શેરી નં. ૧ માં રહેતા રોહિતભાઇ જાદવએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાયેલી ફરીયાદમાં જણાવ્યું કે તે ડ્રાઇવીંગ કામ કરે છે. તેના પિતાની માલીકીની સીએનજી રિક્ષા નં. જીજે-૦૩-એયુ-૦૦૦૭ તેના મિત્ર પરેશભાઇ ગોહેલ (રહે. અભીલાષા પાર્ક મેઇન રોડ, ફાયર સ્ટેશનની સામેની ગલીમાં) ને દોઢેક વર્ષથી ભાડે આપેલી હતી.

વધુ માહિતી અનુસાર ગત પચ્ચીસમીના તેના ફઇનું અવસાન થયુ હોવાથી તે સણોસરા ગામે ગયા હતા. જયા તેના મિત્ર પરેશભાઇએ ફોન કરી વાત કરી હતી કે ગઇ તા. ૨૪ ના રાત્રે રિક્ષા ઘર પાસે પાર્ક કરી હતી. સવારે તે બહાર નિકળતા રિક્ષા જોવામાં આવતી નથી કહેતા તેને તપાસ કરવાનું કહયું હતું. થોડી વાર બાદ પરેશભાઇએ ફરી કોલ કરી રિક્ષાની કોઇ માહિતી મળતી ન હોવાની જાણ કરી હતી. બાદમાં આ મામલે ફરીયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસના પીએસઆઇ એ.બી. ઝાલા એ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ ક્રાઇમબ્રાંચની ટીમે બાતમીના આધારે ચુનારાવાડમાંથી આરોપી મહેશ ઉર્ફે બાદશાહ ગુણવંતભાઇ જાદવાણી (રહે. મચ્છોનગર ભાડેથી, માર્કેટ યાર્ડ પાછળ)ને પકડી રિક્ષા કબ્જે કરી હતી. આ કામગીરી ક્રાઇમબ્રાન્ચ, પો.ઇન્સ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પો.સબ.ઇન્સ. વીડી. રાવલીયા, એ.એસ.આઇ સમીરભાઇ શેખ, પો.હેડકોન્સ. સાગરભાઇ માવદીયા, દિપકભાઇ ડાંગર, મુકેશભાઇ સબાડ, રવીભાઇ ગઢવી, યજુવેન્દ્રસિંહ જાડેજા, પો.કોન્સ. જીલુભાઇ ગરચર, તોફીકભાઇ જુણાચ, અશ્વિનભાઇ પંપાણીયાએ કરી હતી. વધુ કોઇ ગુના છે કે કેમ? તેની તપાસ હવે ગાંધીગ્રામ પોલીસ કરશે.

દારૂનો નશો ટુંકો પડતો હોય તેમ રંગીલા રાજકોટમાં સતત માદક પદાર્થની હેરાફેરીઃ વધુ બે કેસ

૨૩.૮૦ લાખના હાઈબ્રીડ ગાંજા સાથે મામી પકડાઈ, ભાણાની શોધ

એસઓજીએ રૈયા રોડ પર યોગીરાજનગરમાં દરોડો પાડ્યોઃ બીજી તરફ પ્રદ્યુમનનગર પોલીસે સદર બજારમાંથી પાનેલીના શખ્સને અઢધા લાખના ગાંજા સાથે પકડ્યો, ગાંધીગ્રામના શખ્સની શોધખોળ

રાજકોટ તા. ૨૭

શહેરમાં દારૂની જેમ જ માદક દ્રવ્યોના બંધાણીઓ વધી ગયા હોઇ ડ્રગ્સના પેડલરો, સપ્લાયરો પણ સતત રાજકોટના આટાફેરા કરી રહ્યા છે. ગઇકાલે રેલ્વે પોલીસે લાખોના ગાંજા સાથે જંકશન સ્ટેશનેથી મોરબી બિહારના બે શખ્સને પકડી લીધા બાદ હવે શહેર એસઓજીની ટીમે હાઇબ્રીડ ગાંજા સાથે રૈયા રોડ યોગીરાજનગરમાં આવેલા એક ફલેટમાંથી એક મહિલાને પકડી લીધી હતી. તેની પાસેથી રૂા. ૨૩.૮૦ લાખનો હાઇબ્રીડ ગાંજો મળ્યો તો. આ ગાંજો તેણીને તેના ભાણેજે આપ્યાનું કબુલતાં ભાણેજની શોધખોળ શરૂ થઇ હતી. બીજી તરફ પ્રદ્યુમનનગર પોલીસે સદર બજારમાંથી મોટી પાનેલીના શખ્સને અડધા લાખના હાઇબ્રીડ, સુકા ગાંજા સાથે પકડયો હતો. જેમાં અન્ય એક શખ્સનું પણ નામ ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો મહિલા ત્રેવીસ લાખથી વધુના ગાંજા સાથે પકડાઇ તે ગાંજો તેણીના ભાણેજનો હતો. હાલ હોટેલમાં રહેતો આ ભાણેજ અમદાવાદ તરફથી આવો પદાર્થ લાવી પડીકીઓ બનાવી રૂા. પાંત્રીસસોના એક ગ્રામ લેખે બંધાણીનોએ વેંચતો હોવાની પ્રાથમિક વિગતો ખુલતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. શહેર એસઓજીની ટીમ સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ અંતર્ગત નાર્કોટીક્સ પદાર્થોનું ખરીદ વેંચાણ કે સેવન કરનારા સામે કાર્યવાહી કરવા બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એન. બી. ચૌધરી, પીઆઇ એમ. ડી. ગઢવી, પીએસઆઇ એમ. વી. જોડજા, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, હેડકોન્સ. હરદેવસિંહ જાડેજા, યોગેન્દ્રસિંહ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, મહાવીરસિંહ ઝાલા, પેટ્રોલીંગમાં હતી, ત્યારે હેડકોન્સ. હરદેવસિંહ જોડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, યોગરાજસિંહ ગોહિલ અને અનોપસિંહ ઝાલાને બાતમી મળી હતી કે રૈયા રોડ યોગીરાજનગર-૪માં આવેલા ગીરીરાજ એપાર્ટમેન્ટના બીજા માળે ફ્લેટ નં. ૩માં રહેતી સાડત્રીસ વર્ષની પૂજાબેન સાગરભાઇ ભટ્ટ નામની મહિલાએ પોતાના ફ્લેટમાં ગાંજો છુપાવી રાખ્યો છે.

પોલીસને મળેલી આ બાતમીને આધારે ટીમે દરોડો પાડી તલાશી લેતાં ઘરમાંથી રૂા. ૨૩,૮૦,૦૦૦ની કિંમતનો ૬૮૦ ગ્રામ હાઇબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી કાર્યવાહી કરી હતી. પૂજા ભટ્ટ પાસેથી ગાંજો, દસ હજારનો ફોન, એક હજારનો વજનકાંટો કબ્જે કરાયા હતાં. એસઓજીએ આ મહિલાની પુછતાછ કરતાં તેણીએ કબુલાત આપી હતી કે રાજકોટમાં અલગ અલગ હોટેલમાં રહેતો તેનો ભાણેજ ગૌતમ વસંતભાઇ દવે આ ગાંજો તેણીને સાચવવા આપી ગયો છે. ભાણેજ અહિથી જ પડીકી બનાવી વેંચાણ કરતો હોવાનું અને કોલેજીયન સહિતના તેના ગ્રાહકો હોવાનું રટણ કર્યુ હતું.

ગૌતમ દવે અમદાવાદ તરફથી આ પદાર્થ લાવીને વેંચતો હોવાની પ્રાથમિક વિગતો સામે આવી હતી. તે પકડાયા બાદ વધુ માહિતી બહાર આવશે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ



કોન્સ. અનોપસિંહ ઝાલા, વિરભદ્રસિંહ ગોહિલ, ધ્રુવરાજસિંહ ગોહિલ, કોન્સ. મોનાબેન બુસા, ભાગ્યલક્ષ્મીબા ઝાલા, ડ્રા. કોન્સ. નિર્મળસિંહ ઝાલાએ આ કામગીરી કરી છે. માદક પદાર્થનું પ્રાથમિક પરિક્ષણ એફએસએલ અધિકારી સમીર જોખીએ કર્યુ હતું. આગળની તપાસ પીએસઆઇ આર. કે. ગોહિલે હાથ ધરી હતી.

બીજી તરફ પ્ર.નગર પોલીસે પણ સદર બજારમાંથી ઉપલેટાના મોટી પાનેલીના શખ્સને ૫૧ હજારથી વધુની કિંમતના હાઇબ્રીડ અને સુકા ગાંજા સાથે ઝડપી લીધો છે. રાજકોટ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ રહેતાં શખ્સ સાથે મળી બંને અમદાવાદથી આ ગાંજો વેંચવા લાવ્યાનું પાનેલીના શખ્સે કબુલતાં રાજકોટના શખ્સને પણ સકંજામાં લેવા તજવીજ થઇ છે. આ બંને ગાંજો વેંચવા માટે ગ્રાહક શોધતા હતાં ત્યાં પોલીસ આવી ગઇ હતી. જો કે પોલીસ આવી એ પહેલા પાનેલીના શખ્સને કોઇ સાથે માથાકુટ કરતાં તેણે ૧૧૨ બોલાવી હતી. એ દરમિયાન પોલીસ આવતાં તેણે પોતાની પાસેનો ગાંજો રોડ પર ફેંક્યો હતો અને પકડાઇ ગયો હતો.શહેરમાં માદક પદાર્થનું સેવન ન થાય અને આવા પદાર્થની હેરાફેરી ન થાય એ માટે પ્ર.નગર પોલીસની ટીમ સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ હેઠળ પેટ્રોલીંગમાં હતી ત્યારે પાનેલીના રહેવાસી કમલેશ લક્ષમણભાઇ પોપટ નામના સાડત્રીસ વર્ષના શખ્સે પોતાની સાથે અમદાવાદ અને વડોદરાના બે શખ્સો સદર બજારમાં સંતોષ સીઝન પાસે માથાકુટ કરે છે તેવો ફોન ૧૧૨માં કરતાં પોલીસ પહોંચી હતી.

આ દરમિયાન કમલેશ પાસે માદક પદાર્થ હોવાની બાતમી મળતાં પ્ર.નગર ડી. સ્ટાફની ટીમ પણ પહોંચી હતી. પોલીસને જોતાં જ ગભરાઇ ગયેલા કમલેશે સુકા અને હાઇબ્રીડ ગાંજાની કોથળીઓ રોડ પર ફેંકી દીધી હતી. પોલીસે તે કબ્જે કરી પુછતાછ કરતાં કમલેશે આ ગાંજો પોતાનો હોવાનું કબુલ્યું હતું. વધુ પુછતાછ થતાં તેણે કબુલાત આપી હતી કે પોતે અને ૧૫૦ રીંગ રોડ પર સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ હરસિધ્ધીધામ સોસાયટીમાં રહેતો દેવેન મનોજભાઇ પંત સાથે મળીને અમદાવાદથી આ ગાંજો લાવ્યા બાદ છુટા પડ્યા હતાં. પોતે સદર બજારમાં ગ્રાહકની શોધમાં આવ્યો હતો. ત્યારે બે શખ્સોએ તેની સાથે વાહન અડવા મામલે કે બીજી વાતે ઝઘડો કરતાં તેણે ૧૧૨માં કોલ કર્યો હતો. આ દરમિયાન પોલીસ આવી જતાં કમલેશ ડરી ગયો હતો અને ગાંજો રોડ પર ફેંકી દીધો હતો.

આ ગાંજો ડી. સ્ટાફની ટીમે કબ્જે કરી એફએસએલ અધિકારી પાસે પરિક્ષણ કરાવી ગુનો નોંધ્યો હતો. કમલેશ પાસેથી રૂા. ૨૮૦૯૦નો હાઇબ્રીડ અને રૂા. ૩૭૯૩નો સુકો ગાંજો મળતાં તે અને મોબાઇલ ફોન, પ્લાસ્ટીકની કોથળીઓ કબ્જે કરાઇ હતી. ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇની રાહબરીમાં પીઆઇ એમ. ડી. મકવાણા, પીએસઆઇ એસ. ડી. કોઠીવાર, ચાંપરાજભાઇ ખવડ, વિશ્વજીતસિંહ ઝાલા, રમેશભાઇ સાટીયા, રમાબેન, જયાભઇ સહિતની ટીમે આ કામગીરી કરી હતી. દેવેનને સકંજામાં લેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. તે પકડાયા બાદ વધુ માહિતી બહાર આવશે.

રમત રમતમાં પટકાતાં બે બાળકીના જીવા ગયા

ત્રીજી ઘટનામાં પરિવારના એકના એક મોભીનું દિલની દગાખોરીથી થયું મૃત્યુ

રાજકોટ તા. ૨૭

માસુમ બાળકો ઘણીવાર હસતા રમતાં મુશીબતને ગળે લગાડી લેતાં હોય છે. ઘણીવાર તેમની રમત તેમને કાં તો હોસ્પિટલના ખાટલે અને ક્યારેક પરલોક સુધી લઇ જાય છે. આવી જ બે ઘટના બની હતી. જેમાં રમતી વખતે પડી જવાના બે કિસ્સામાં બે બાળકીઓની જિંદગી ખતમ થઇ જતાં તેમના પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તો એક બનાવમાં એક પરિવારના એકના એક આધારસ્તંભ મોભીનું દિલની દગાખોરીથી મોત થયું હતું.

વિરાણી અઘાટ શેરી નં. ૪માં રહેતાં રામબાબુ મહંતોની દિકરી પિન્કી નામની સાત વર્ષની બાળકી પચ્ચીસમી તારીખના રોજ ઘરે રમતી હતી ત્યારે સીડી પરથી પડી જતાં માથામાં ઇજા થતાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. પરંતુ તેનું મોત થયું હતું. આ બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બાળકી પીન્કી બે ભાઇ અને બે બહેનમાં બીજી હતી. આ પરિવાર મુળ બિહારનો વતની છે. રામબાબુ કંપનીમાં નોકરી કરી ગુજરાન ચલાવે છે. પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજી આવી જ ઘટનામાં હળવદના કીડી ગામે રહેતાં અને કંપનીમાં કામ કરતાં યુવાનની ૪ વર્ષની દિકરી રમતાં રમતાં પડી જતાં ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કીડી ગામે રહેતાં અને કેમીકલ કંપનીમાં કામ કરતાં રાકેશભાઇ છીપરાની દિકરી પ્રિન્સા જેની ઉમર ચાર વર્ષની હતી તે સવારે રમતી હતી ત્યારે પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં મોરબી સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ મારફત જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. લાડકી દિકરીના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ગાંધીગ્રામ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી હળવદ પોલીસને જાણ કરી હતી. બંને ઘટનામાં પરિવારે લાડકવાયી દિકરીઓ ગુમાવી દીધી હતી. આ બંને મૃતદેહના રાજકોટ સિવિલ હોસ્પિટલમા પોસ્ટમોર્ટમ થયા હતાં.

ત્રીજા બનાવમાં દિલની દગાખોરી જીવલેણ બની હતી. જેમાં મોરબી રોડ સેટેલાઇટ ચોક શ્રીરામ પાર્ક-૩માં રહેતાં શૈલેષભાઇ ખોડાભાઇ લીંબાસીયા નામના ત્રેપન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝનમાં કરી હતી. મૃત્યુ પામનાર શૈલેષભાઇ પરિવારનો એકનો એક આધારસ્તંભ હતાં. તેઓ પ્રાઇવેટ નોકરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

કોઇ ઘરમાં, કોઇ સ્પામાં તો કોઇ વળી ઓફિસમાં ચલાવે છે કૂટણખાનાઃ આ છે રંગીલુ રાજકોટ

માઁ-દિકરો મળી કૂટણખાનુ ચલાવતા'તા!

વિરાણી ચોકમાં શ્રી મેરેજ બ્યુરોની આડમાં ચાલતાં હતાં 'ગંદાધંધા': બીજી તરફ કોસ્મો કોમ્પલેક્ષના સ્પામાં રાજસ્થાની શખ્સ સ્પાની આડમાં લલનાઓ પાસે લોહીના વેપલા કરાવતો હતોઃ બંને સ્થળે એએચટીયુની ટીમો ત્રાટકી

રાજકોટ તા. ૨૭

આજના યુગમાં માણસો ટુંકા રસ્તે માલદાર થવા માટે કોઇપણ હદ સુધી જઇ શકતાં હોય છે. આ વાતની પ્રતીતી કરાવતી એક કામગીરી પોલીસે કરી હતી. જેમાં વિરાણી ચોકમાં એક કૂટણખાનુ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે પકડી લીધુ હતું. શ્રી મેરેજ બ્યુરોની આડમાં ચાલતાં આ કૂટણખાનાનો પર્દાફાશ થયો હતો, પણ ચોંકાવનારી વાત એ હતી કે આ ગંદો ધંધો માતા-પુત્ર સાથે મળીને કરી રહ્યા હતાં! બીજી તરફ કોસ્મો કોમ્પલેક્ષમાં આવેલા સ્પામાં એક રાજસ્થાની યુવાન બહારના રાજ્યની, રાજકોટ જીલ્લાની યુવતિઓને રાખી તેની પાસે દેહના સોદા કરાવતાં ઝડપાયો હતો.

એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ અવાર-નવાર શહેરમાં ચાલતા કૂટણખાના પર ત્રાટકીને કાર્યવાહી કરતી રહે છે. આ દરમિયાન બે વધુ આવા ગંધા ધંધાનો પર્દાફાશ કર્યો હતો. વિરાણી ચોકમાં આવેલી મેરેજ બ્યુરોની ઓફિસમાં માતા-પુત્ર સાથે મળી કૂટણખાનુ ચલાવતાં હોવાનો પણ પર્દાફાશ આ ટીમે કરી બંનેની ધરપકડ કરી હતી. જ્યારે બીજી તરફ મહિલા કોલેજ ચોકમાં કોસ્મો કોમ્પલેક્ષમાં આવેલા એક સ્પામાં દરોડો પાડી સંચાલકને દેહવેપલો કરતો ઝડપી લેવાયો હતો. અહિ આ રાજસ્થાની યુવાન દિલ્હી, ઉત્તરપ્રદેશ અને જામકંડોરણાની યુવતિઓને રાખી ગ્રાહકોને મસાજના નામે બોલાવી એકસ્ટ્રા સર્વિસના નામે યુવતિઓ પાસે દેહના સોદા કરાવતો હતો. ગ્રાહકો પાસેથી અમુક રકમ એન્ટ્રીની લઇ પછી એકસ્ટ્રા સર્વિસના નામે બીજી રકમ વસુલી તેને દેહસુખની વ્યવસ્થા કરી અપાતી હતી.

વિગતો પર નજર કરીએ તો એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમને બાતમી મળી હતી કે વિરાણી ચોકમાં ગુરૂકૃપા કોમ્પલેક્ષમાં ઓફિસ નં. ૨૦૭માં આવેલા શ્રી મેરેજ બ્યુરોમાં મેરેજ બ્યુરોના માલિક છોકરીઓ બહારથી રાખીને તેની પાસે દેહ વેપલો કરાવે છે. આ બાતમી પરથી ડમી ગ્રાહક મોકલી એએચટીયુની ટીમે દરોડો પાડતાં બાતમી સાચી ઠરી હતી. અહિ શ્રી મેરેજ બ્યુરોના સંચાલક ૫૧ વર્ષિય જયશ્રીબેન ઉર્ફે મીનાબેન ચેતનભાઇ પૂજારા તથા તેનો દિકરો ૨૨ વર્ષિય મીત ચેતનભાઇ પૂજારા (રહે. બંને શારદા એપાર્ટમેન્ટ, ફર્સ્ટ ફ્લોર બ્લોક નં. બી-૨, નિલકંઠ ટોકીઝ પાસે) બંને સાથે મળી કૂટણખાનુ ચલાવતાં હોવાનું ખુલતાં બંને વિરૂધ્ધ એ-ડિવીઝનમાં ગુનો દાખલ કરાવાયો હતો.

અહિ એક છોકરી પણ મળી આવી હતી તેની પાસે દેહવ્યાપાર કરાવવામાં આવતો હતો. ગ્રાહક



પાસેથી રૂા. ૧૦૦૦ લઇ લલના પુરી પાડવામાં આવતી હતી. પોલીસને રોકડા રૂા. ૩૪૦૦, કોન્ડોમના ૨૦ પેકેટ, મોબાઇલ ફોન, તૂટેલો કોન્ડોમના રેપર સહિત કબ્જે કર્યા હતાં અને મા-દિકરા વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત વધુ એક વખત સ્પામાં ચાલતા ગંદા ધંધાનો પર્દાફાશ થયો હતો. કાલાવડ રોડ મહિલા કોલેજ ચોકમાં કોસ્મો કોમ્પલેક્ષ પાંચમા માળે ઓફિસ નં. ૫૦૧માં આવેલા ફલોરેન્સ વેલનેસ સ્પામાં મસાજ પાર્લર ચલાવવાને બદલે બહારની યુવતિઓને અહિ રાખી મસાજના નામે ગ્રાહકોને બોલાવી દેહવ્યાપાર કરાવવામાં આવી રહ્યાની બાતમી એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમને મળતાં ડમી ગ્રાહક મોકલી દરોડો પાડવામાં આવ્યો હતો. અહિ પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે આ સ્પાનો સંચાલક ત્રેવીસ વર્ષિયગણેશ લક્ષમણજી મીના (ઘટીફલા સસઇ, પોસ્ટ નાથદ્વારા, જી. ઉદયપુરા રાજસ્થાન) સ્પાની આડમાં કૂટણખાનુ ચલાવતો હતો.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ ગ્રાહક પાસે એન્ટ્રી ફીના રૂા. ૧૦૦૦ લઇ બાદમાં લલનાઓ સાથે શરીર સંબંધ બાંધવાના રૂા. ૨૫૦૦ લઇ એકસ્ટ્રા સર્વિસ અપાતી હતી. પોલીસે સંચાલક સામે ગુનો નોંધી રોકડા ૭૨૧૦, બે મોબાઇલ મળી રૂા.૧૭૨૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અહિ જેની પાસે દેહવ્યાપાર કરાવવામાં આવતો હતો તેવી દિલ્હી, યુપી અને જામકંડોરણાની યુવતિઓને પોલીસે મુક્ત કરાવી હતી.

આ બંને દરોડાની કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એએચટીયુ ટીમના પીઆઇ પી. એન. પટ્ટીયાર, પીએસઆઇ એસ. પી. ચૌહાણ, એએસઆઇ અજયકુમાર શુક્લા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, સલીમભાઇ મકરાણી, કોન્સ. હસમુખભાઇ બાલધા, મહેશ ગણેશપ્રસાદ, ભુમિકાબેન ઠક્કર, સુર્યકાંતભાઇ જાદવ, જીજ્ઞેશભાઇ મારૂ સહિતની ટીમોએ કરી હતી. અગાઉ પણ એએચટીયુની ટીમે એક ઘરમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ કર્યો હતો. જેમાં દંપતિ સાથે તેના પુત્રને પકડી લેવાયો હતો.

ઓનલાઇન છેતરી જનારાની સાથે સાથે ઓફલાઇન ઠગાઇ કરનારા પણ પાછળ નથી

સરગવાના વેપારીને ૭.૭૭ લાખનો ડામ

સોળ લાખનો માલ ખરીદી અમુક રકમ જ મોકલીઃ બીજી ઘટનામાં એમ પરિવાહનની એપીકે ફાઇલ ઓપન કરતાં જ લાગ્યો દસ લાખ સત્યોતર હજારનો ચૂનો

રાજકોટ, તા. ૨૭

ગઠીયાઓ માત્ર ઓનલાઇન જ છેતરે એવુ નથી. રૂબરૂ આવીને પણ આબાદ છેતરપીંડી કરી જાય છે. વધુ એક આવી ઠગાઇ થઇ હતી. જેમાં શાકભાજીના વેપારીને પોણા આઠ લાખનો ચૂનો લગાવી દેવાયો હતો. તેની પાસેથી અન્ય એક વેપારીને પંદર લાખ ચોરાણુ હજારનો સરગવો ખરીદ કર્યો હતો. પરંતુ તેમાંથી આઠ લાખ સત્તર હજાર જ ચુકવ્યા હતાં. બાકીના સાત લાખ સત્યોતેર હજાર ન ચુકવી ધૂબ્બો મારી દીધો હતો.

વડોદરાના શાકભાજીના વેપારી મફતભાઇ ચૌહાણ સાથે કોલકાતાના વેપારી કાતક ચંદ્રદાસે રૂ. ૧૫.૯૪ લાખના સરગવાનો માલ ખરીદી છેતરપિંડી કરી હતી. દરમિયાન માલ સપ્લાય કર્યા બાદ, રૂ. ૮.૧૭ લાખ ચૂકવી બાકીના રૂ. ૭,૭૭,૫૯૪ આપવાનો ઇનકાર કર્યો. આ અંગે જવાહરનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. શહેરના શાકભાજીના વેપારી પાસેથી કોલકાતાના વેપારીએ ૧૫.૯૪ લાખનો સરગવાનો માલ ખરીદી પુરેપુરૂં પેમેન્ટ નહીં આપી ઠગાઇ કરવામાં આવી હોવાની ફરિયાદના આધારે જવાહરનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર કોયલી ગામ ખાતે રહેતા અને સરગવાનો વ્યવસાય કરતા મફતભાઇ ચૌહાણે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે પશ્ચિમ બંગાળના હાવડા ખાતે શાકમાર્કેટમાં દુકાન ધરાવતા કાતક ચંદ્રદાસ સાથે અમારે છેલ્લા સાત વર્ષથી સંપૂર્ણ વિશ્વાસના આધારે વેપાર ચાલતો હતો. તેમની દુકાનમાં મુનિમ તરીકે નોકરી કરતા લક્ષ્મણસિંહ સાથે જ અમારો મોટાભાગનો વ્યવહાર થતો હતો, અને તમામ ઓર્ડર ટેલિફોન દ્વારા અપાતા હતા. દરમિયાન મેં સંપૂર્ણ વિશ્વાસ રાખીને તેઓને કુલ રૂપિયા ૧૫,૯૪,૫૯૪ના સરગવાનો માલ સપ્લાય કર્યો હતો. તેની સામે સામેવાળાએ બેંક મારફતે એટીએમ કેશ ડિપોઝિટ દ્વારા કુલ રૂપિયા ૮.૧૭ લાખની ચુકવણી કરી હતી, પરંતુ બાકી રહેતી રુ. ૭,૭૭,૫૯૪ની રકમ આજદિન સુધી મને ચૂકવવામાં આવી નથી. પણ જ્યારે મેં મારી કાયદેસરની બાકી રકમની કડક માંગણી કરી ત્યારે આરોપીઓએ ખોટા બહાના



બતાવી સમય પસાર કર્યો અને અંતે સ્પષ્ટ કહી દીધું કે તેઓ પૈસા આપવાના નથી, જ્યાં ફરીયાદ કરવી હોય ત્યાં કરી લો.

બીજી તરફ એપીકે ફાઇલના નામે વધુ એક ઠગાઇ થઇ હતી. અમદાવાદના પોશ ગણાતા સેટેલાઇટ વિસ્તારમાં સાયબર ગઠિયાઓએ એક સિનિયર સિટીઝનને પોતાની જાળમાં ફસાવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો -કાશમાં આવ્યો છે. સાનિધ્ય બંગલોઝમાં રહેતા છ્યાંસી વર્ષીય નિવૃત્ત પ્રોફેસર સુરેશચંદ્ર બદ્રીપ્રસાદ પંચોલી પોતાના ઘરે સોસાયટીના મિત્ર સાથે બેસીને વાતચીત કરી રહ્યા હતા, તે દરમિયાન તેમના મોબાઇલ પર આઇસીઆઇસીઆઇ બેંક એકાઉન્ટમાંથી અચાનક પૈસા ડેબિટ થયા હોવાનો મેસેજ આવ્યો હતો. અજાણ્યા ટ્રાન્ઝેકશન અંગે ચિંતિત બનીને તેઓ બીજા દિવસે તાત્કાલિક બેંકની શાખાએ પહોંચ્યા હતાં.

જ્યાં તપાસ કરતાં કર્મચારીએ તેમના ખાતામાંથી કુલ ?૭.૪૭ લાખ ઉપડી ગયા હોવાની વિગત આપી હતી. બેંક કર્મચારી દ્વારા સુરેશભાઇના મોબાઇલમાં આવેલા અન્ય મેસેજની ચકાસણી કરવામાં આવતાં તેમની અન્ય બેંકમાંથી પણ પૈસા ટ્રાન્સફર થયા હોવાના સંદેશા જોવા મળ્યા હતા. સુરેશભાઇએ તાત્કાલિક બેંક ઓફ બરોડા ખાતેના પોતાના બીજા ખાતાની તપાસ કરાવતાં તેમાંથી પણ ગઠિયાઓએ ૩.૨૯ લાખ ટ્રાન્સફર કરી લીધા હોવાનું સામે આવ્યું હતું. આમ, બંને બેંક એકાઉન્ટ્સમાંથી કુલ મળીને ૧૦.૭૬ લાખની રકમ ગાયબ થઇ જતાં તેમના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. તેમણે સમયસૂચકતા વાપરીને બંને બેંક ખાતાઓ તાત્કાલિક બ્લોક કરાવી દીધા હતા અને સીધા સાયબર ક્રાઇમ બ્રાન્ચનો સંપર્ક સાધ્યો હતો. સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં વિધિવત ફરિયાદ નોંધાવ્યા બાદ હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં સાયબર ઠગોની અત્યંત શાતિર મોડસ ઓપરેન્ડી સામે આવી હતી.

ઠગબાજોએ વૃદ્ધ પ્રોફેસરની ડિજિટલ પ્રોફાઇલનો અભ્યાસ કરી તેમને વાહનનું એમ-પરિવહનનું ઈ-ચલણ બાકી હોવાનો મેસેજ મોકલ્યો હતો. આ ચલણ ભરવાના બહાને એક અજાણી એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી હતી. સુરેશભાઇએ આ ફાઇલ ઓપન કરતાં જ ગઠિયાઓએ તેમના આખા સ્માર્ટફોનનો રિમોટ એક્સેસ મેળવી લીધો હતો અને નેટબેંકિંગ કે બ્લ્ભ્ની ચોરી કરીને બંને બેંક એકાઉન્ટમાંથી બારોબાર લાખો રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. હાલ સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી ટ્રાન્ઝેકશન ટ્રેસ કરવા સહિતની સઘન તપાસ શરૂ કરી હતી.

ઓનલાઇન ઓફલાઇન હજારો-લાખોની ઠગાઇઓ રોજ થાય, પણ આ વખતે કરોડોમાં પહોંચ્યો આંકડો

IT કંપની, કેમિકલ, શેર બજારના નામે 20 કરોડનું ફ્રોડ

વેપારીને કંપનીમાં ડીરેકટર બનાવી દેવાના નામે એક કરોડની, કેમિકલના ધંધાના નામે અઢાર કરોડ અને શેર બજારના નામે પોણા બે કરોડની છેતરપીંડી

રાજકોટ તા. ૨૭

હજારો લાખોની ઠગાઇઓ તો રોજબરોજ ઓનલાઇન ઓફલાઇન થતી રહે છે. વધુ નવા કિસ્સાઓમાં કરોડોની ઠગાઇથઇ હતી. એક વેપારીને દુબઇમાં સફળ પ્રોજેક્ટ અને ગુજરાત સરકારમાં પ્રોજેક્ટના કામ કરવાના હોવાનો દાવો કરી આઇટી કંપનીમાં ડિરેક્ટર બનાવવાની લાલચ આપીને એક કરોડ સાત લાખ પડાવી લીધા હતા. જ્યારે અન્ય બનાવમાં કેમિકલના વેપારી પાસેથી કેમિકલ ખરીદી અને તેની ડાઇન બનાવીને બજારમાં વેચ્યા બાદ અઢાર કરોડ કરોડ ચૂકવ્યા ન હતા. જેને લઈને આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

વિગત પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં વેપારીઓ સાથે દિન પ્રતિદિન છેતરપિંડીના બનાવો બની રહ્યા છે. વેપાર ધંધો કરવા નફાની લાલચ અને ઉધારમાં માલ લઇ અને બાદમાં ચેક આપીને પૈસા નહીં ચૂકવી છેતરપિંડી કરવામાં આવે છે. વેપારીઓ સાથે છેતરપિંડીની અલગ અલગ ત્રણ ઘટના સામે આવી હતી. વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા તેતાલીસ વર્ષીય તેજસ મગન પટેલને વર્ષ એક જીમમાં મયુર પ્રમોદસિંગ રાજપૂત અને માધવ પ્રમોદસિંગ રાજપૂત સાથે મુલાકાત થઈ હતી. તેઓએ નાના નાણાકીય વ્યવહારો કરી તેમનો વિશ્વાસ જીત્યો હતો.

આ પછીં માધવ દુબઈથી પરત આવ્યો અને તેણે ફરિયાદીને વિદ્યાસેતુ પ્રા.લી.નામની આઈટી કંપનીમાં રોકાણ કરવા જણાવ્યું હતું. જેની વેલ્યુ ટૂંક સમયમાં ૧૪૦ કરોડ રૂપિયા થવાનું હોવાની લાલચ આપી હતી. ખ્ત સોટવેર અને દુબઈમાં સફળ પ્રોજેક્ટ્સ ચાલતા હોવાનું કહી તેમજ પોતાની ઓફિસ બતાવી રોકાણ કરવા માટે લાલચ આપી હતી. આરોપીઓએ ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રોજેક્ટમાં કમિશન એજન્ટ તરીકે કામ કરવાનું હોવાનો ખોટો દાવો કરી ફરિયાદીને વધુ વિશ્વાસમાં લીધા હતા.

તેઓએ ફરિયાદીને કંપનીમાં ૪ ટકા શેર અને ડિરેક્ટર બનાવવાની લાલચ આપી અંગ્રેજીમાં લખેલા લખાણો પર સહીઓ કરાવી લીધી હતી. ત્યારબાદ ફરિયાદી પાસેથી ૨૩,૦૦,૦૦૦ રોકડા રૂપિયા અને બેંકથી ૩૫,૦૦,૦૦૦ રૂપિયા સહિત કુલ રૂપિયા ૫૮,૦૦,૦૦૦ પડાવી લીધા હતા. આ ઉપરાંત ફરિયાદીના મિત્ર મયુર મનસુખ પટેલ પાસેથી પણ ૪૯,૫૦,૦૦૦ રૂપિયા સહિત બંને પાસેથી કુલ રૂપિયા ૧.૦૭ કરોડનું રોકાણ કરાવ્યું હતું.થોડા સમય બાદ કંપનીમાં કામ કરતા એક માણસ દ્વારા જાણવા મળ્યું કે, આ કંપની કોઈ સાચા પ્રોજેક્ટ્સ કરતી નથી અને તે માત્ર લોકોના રૂપિયા પડાવીને વિદેશમાં ટ્રાન્સફર કરવાનું કૌભાંડ છે.



જ્યારે ફરિયાદીએ પોતાના રૂપિયા પાછા માંગ્યા ત્યારે આરોપીઓએ તેમને બેંક ઓફ બરોડાનો એક ચેક આપ્યો હતો પરંતુ ફોન પર ધમકી આપી હતી કે, ચેક બેંકમાં જમા કરાવવો નહીં અને તેઓ કોઈ રૂપિયા પાછા આપવાના નથી. અંતે આરોપીઓ પોતાની ઓફિસ બંધ કરીને ભાગી ગયા હતા. જેના કારણે ફરિયાદીએ પોતાની અને અન્ય લોકોની રકમ પરત ન મળતા આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો અન્ય અક બનાવ જોઈએ તો શહેરના હેબતપુર વિસ્તારમાં રહેતા સંજય લાલજી ગુમ્રા સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ કલર બનાવવાના રો-મટીરીયલ અને કેમિકલનો વેપાર કરે છે. વટવા ખાતે આવેલી એટેક્ષ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના માલિક ભાનુ-સાદ મોતીલાલ પટેલે તેમની પાસેથી કુલ રૂપિયા ૭૦,૧૭,૯૨,૯૦૭ના અલગ અલગ કેમિકલોની ખરીદી કરી હતી. આ ખરીદીના બીલો પેટે ભાનુ-સાદ પટેલે ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ટુકડે ટુકડે રૂપિયા ૫૨,૧૩,૯૩,૦૯૦ની ચૂકવ્યા હતા. પરંતુ બાકીની રકમ રૂપિયા ૧૮,૦૩,૯૯,૮૧૭ ચૂકવવાની બાકી હતી. આરોપીએ ફરિયાદી પાસેથી ખરીદેલા આ કેમિકલમાંથી ડાઈસ બનાવીને બજારમાં વેચી દીધી હતી અને તેમાંથી મળેલા રૂપિયા પોતાના અંગત ઉપયોગમાં વાપરી લીધા હતા.

આ પછી બાકી નીકળતા રૂપિયા ૧૮,૦૩,૯૯,૮૧૭ની વારંવાર ઉઘરાણી કરવા છતાં આરોપી દ્વારા બહાના અને વાયદાઓ કરીને આજદિન સુધી રકમ ચૂકવવામાં આવી નથી. ખરીદીના બાકી બીલ પેટે આરોપીએ ડિસેમ્બર ૨૦૨૫થી ફરિયાદીને કુલ ૧૭૯ ચેક આપ્યા હતા, પરંતુ બેંક ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી આ તમામ ચેક રિટર્ન થયા હતા. આ બાબતે ફરિયાદીએ પોતાના વકીલ દ્વારા રજીસ્ટર એ.ડી.થી કુલ ૬૪ નોટિસ મોકલી હોવા છતાં આરોપીએ કોઈ જવાબ આપ્યો ન હતો કે રકમ ચૂકવી ન હતી. આ અંગે ફરિયાદી દ્વારા પોલીસ કમિશનરને અરજી કર્યા બાદ હવે ભાનુપ્રસાદ પટેલ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ત્રીજી ઠગાઇ જોઇએ તો લોકો સાથે અલગ અલગ બહાને છેતરપિંડી કરનારા મિહિર શાહ અને ભૂમિ શાહ સામે વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. માણેકબાગ વિસ્તારમાં રહેતા અને બીપી લુબ્રિકન્ટ પ્રાઇવેટ લિમિટેડ નામથી કંપની ધરાવનારા બિરવા ગાંધીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં મિહિર શાહ અને ભૂમિ શાહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, શેરબજારમાં રોકાણ કરવા જણાવ્યું હતું. જોકે, રોકાણ કરવા માટે બીરવા ગાંધીએ તેમની પાસે પૈસા નથી તેવું કહ્યું હતું.

બિરવા ગાંધી પાસે તેમનું વડીલોનું આપેલું સોનું હતું જેથી સોના-ચાંદીના વાયદા બજારમાં પણ વળતર આપવાનું કહી તેમની પાસેથી ૧૩૦૦ ગ્રામ જેટલું સોનુ જેની અંદાજિત કિંમત ૧.૭૪ કરોડ રૂપિયા હતી જે મેળવી લીધું હતું. સોનાના બિસ્કીટ મેળવી લીધા બાદ લખાણ કરવાની વાત કરતા તેમના જ કોઈ માણસ હોવાનું કહી અને બીજા વ્યક્તિના નામે લખાણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રોકાણ કરવા ઉપર વળતર આપવાની વાત કરતા તેઓ દ્વારા ગલ્લા તલ્લા કરવામાં આવ્યા હતા. ભેગો હિસાબ આપી દઈશું અને પછી આપીશું એવી વાત કરી હતી. ત્યારબાદ મિહિર શાહ અને ભૂમિ શાહ અલગ અલગ બહાને છેતરપિંડી કરતા હોવાની સોશિયલ મીડિયા અને મીડિયાના માધ્યમથી તેઓને જાણ થતા આ મામલે તેમણે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ ત્રણ કિસ્સામાં કરોડો રૂપિયા ગઠીયાઓ ઉસેડી જવામાં સફળ થયા હતાં.

બાઈક રોડ નીચે ઉતરી જતાં લોન એજન્ટનો જીવ ગયો

રવિ રાંદલ પાર્કના યુવાનને નવી કોર્ટ પાસે નડ્યો અકસ્માતઃ બીજી ઘટનામાં વાછરડુ રોડ પર આવી જતાં ટુવ્હીલર ફંગોળાયુંઃ પત્નિનું મોત, પતિ-બાળકોનો બચાવઃ રંગપર પાસેની ઘટનાઃ ત્રીજા બનાવમાં ભગવતીપરાની પરિણીતાએ ફાંસો ખાઇ આપી દીધો જીવ

રાજકોટ તા. ૨૭

વાહન અકસ્માતના બે અલગ અલગ બનાવોમાં બે પરિવારે સદસ્યો ગુમાવ્યા હતાં. જેમાં એક બનાવમાં નવી કોર્ટ નજીક એંસી ફુટ રોડ પર બાઇક રોડ નીચે ઉતરી જતાં રવિ રાંદલ પાર્કના યુવાનનું મૃત્યુ થયું હતું. જ્યારે બીજા બનાવમાં રંગપરના પાટીયા પાસે રોડ પર વાછરડુ આડે આવી જતાં બાઇક સ્લીપ થતાં દંપતિ, બે સંતાન ફેંકાઇ ગયા હતાં. જેમાં પત્નિનું મોત થયું હતું.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો ૧૫૦ ફુટ રીંગ રોડ પર રવિ રાંદલ પાર્ક-૧માં રહેતો જતીનભાઇ પ્રફુલભાઇ જાની નામનો અઠ્ઠાવીસ વર્ષનો યુવાન સવાર મોટરસાઇકલ હંકારીને જતો હતો ત્યારે જામનગર રોડ નવી કોર્ટ બિલ્ડીંગ નજીક ૮૦ ફુટ રોડ પર પહોંચતા કોઇપણ કારણોસર કાબુ ગુમાવતાં બાઇક રોડ નીચે ઉતરી સ્લીપ થઇ જતાં તેને ગંભીર ઇજા થઇ હતી. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. તેના તબિબે જતીનભાઇને ઘટના સ્થળે જ મૃત જાહેર કરતાં યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર જતીનભાઇ એક બહેનથી મોટો અને અપરિણીત તથા પરિવારનો આધારસ્તંભ હતો. તે બજાજ ફાયનાન્સમાં લોન માર્કેટીંગનું કામ કરતો હતો. તેના પિતા સિક્યુરીટી ગાર્ડ તરીકે કામ કરે છે. યુવાન દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બીજી જીવલેણ અકસ્માતની ઘટના જોઇએ તો પડધરીના રંગપરના પાટીયા પાસે બાઇક સ્લીપ થઇ જતાં પતિની પાછળ બેઠેલા તરઘડીની પરિણીતાનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. તેણી પતિ, બે બાળકો સાથે રાજકોટ રહેતાં પિતાના ઘરે આવી રહી હતી ત્યારે બનાવ બન્યો હતો. જેમાં દંપતિ ખંડીત થઇ જતાં પરિવારનો માળો વિખેરાઇ ગયો હતો.



વધુ માહિતી અનુસાર તરઘડી રહેતો અઠ્ઠાવીસ વર્ષનો જયેશભાઇ મુકેશભાઇ સોલંકી પોતાના બાઇકમાં પત્નિ છવ્વીસ વર્ષિય સોનલબેન તથા એક વર્ષની દિકરી અને ચાર વર્ષના દિકરાને બેસાડી રાજકોટ નાના મવા સર્કલ પાસે રહેતાં પોતાના સસરા વેરશીભાઇ પરમારના ઘરે આટો મારવા આવી રહ્યો હતો. ત્યારે રંગપરના પાટીયા પોસે વાછરડુ આડે આવતાં કાબુ ગુમાવતાં બાઇક સ્લીપ થઇ જતાં તેના પત્નિને ગંભીર ઇજા થઇ હતી. જ્યારે તેનો અને બાળકોનો બચાવ થયો હતો. સોનલબેને સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરી હતી. જયેશભાઇ છુટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. ઘટનાથી સ્વજનો શોકમાં ડુબી ગયા હતાં.

અપમૃત્યુના અન્ય એક બનાવમાં ભગવતીપરામાં ઝમઝમ બેકરી નજીક રહેતાં ક્રિષ્નાબેન ધવલભાઇ બોરીચા નામના ચોવીસ વર્ષના પરિણીતાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે. આપઘાત કરનારના લગ્ન દોઢ વર્ષ પહેલા થયા હતાં. તેણીના પતિ પ્રાઇવેટ નોકરી કરે છે. બનાવથી સાસરીયા-માવતર પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

હું બેંક ઓફ બરોડાની મુંબઇ શાખામાંથી બોલુ છું...કહીને ગઠીયાએ બેંકની વિગતો મેળવી લીધી

પેન્શન હયાતીના પ્રમાણપત્રના નામે વૃધ્ધને છેતરી લીધા

બીજી ઘટનામાં જ્વેલર્સ પેઢીમાં ચાંદીનો સિક્કો લેવાના બહાને આવેલો ગઠીયો સાડા દસ લાખનું સોનુ બઠ્ઠાવતો ગયો!

રાજકોટ તા. ૨૭

સાયબર ગઠીયાઓ ક્યારે કોને કેવી રીતે પોતાની ફ્રોડની જાળમાં ફસાવી હજારો, લાખો રૂપિયા ઉસેડી જાય તે નક્કી હોતું નથી. રોજ ઉઠીને કોઇને કોઇ લોકો આવા ફ્રોડનો ભોગ બની જાય છે. બેંક કર્મચારીના નામે આવતાં ગઠીયાઓના ફોનની જાળમાં મોટે ભાગે વૃધ્ધો ફસાઇ જતાં હોય છે. આવી જ એક ઠગાઇનો ભોગ એક વૃધ્ધ નિવૃત શિક્ષક બની ગયા હતાં. જેમને પેન્શનનું હયાતી પ્રમાણપત્ર જમા કરાવી દેવાના નામે સાયબર ગઠીયાએ લાખોનો ચૂનો લગાવી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો કલોલની ચિત્રકૂટ સોસાયટી વિભાગ-૨માં રહેતા સાંઇઠ વર્ષીય નિવૃત્ત શિક્ષક મહેશકુમાર પટેલ સાયબર ઠગાઇનો ભોગ બન્યા હતાં પેન્શન મેળવવા માટે હયાતીનું પ્રમાણપત્ર ઓનલાઇન જમા કરાવવાનું કહી અજાણ્યા શખ્સે તેમની પાસેથી બેંકની વિગતો મેળવી હતી. ત્યારબાદ તેમના ખાતામાંથી રૂપિયા ૨ લાખ અને રૂપિયા ૬૭ હજાર મળી કુલ રૂપિયા ૨.૬૭ લાખ ઉપાડી લેવામાં આવ્યા હતા. આ મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

વધુ માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લામાં ઓનલાઇન ફ્રોડ અને સાયબર ક્રાઇમના કિસ્સાઓ વચ્ચે કલોલમાં નિવૃત્ત શિક્ષક સાથે રૂ. ૨.૬૭ લાખની છેતરપિંડીની ઘટના સામે આવી હતી. ચિત્રકૂટ સોસાયટી વિભાગ-૨માં રહેતા સાઇઠ વર્ષીય મહેશકુમાર કેશવલાલ પટેલને પેન્શનના હયાતી પ્રમાણપત્રના નામે ફોન કરી ઠગાઈ કરવામાં આવી હતી. મળતી વિગતો મુજબ, સાંજે આશરે સાતેક વાગ્યે મહેશકુમારના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતે બેંક ઓફ બરોડાની મુંબઈ શાખામાંથી બોલતો હોવાનું જણાવી પેન્શન મેળવવા માટે હયાતીનું પ્રમાણપત્ર ઓનલાઈન જમા કરાવવું પડશે તેમ કહ્યું હતું. આ બહાને તેણે બેંકની વિગતો મેળવી લીધી હતી.

પણ શંકા જતાં મહેશકુમારે ઓનલાઈન પ્રક્રિયા રદ કરવાનું કહ્યું હતું. ત્યારે ઠગે પ્રક્રિયા રદ કરવાના બહાને એટીએમ કાર્ડના પાછળના ભાગના છેલ્લા આંકડા પણ પૂછી લીધા હતા. મોડી રાત્રે બેંકમાંથી અધિકૃત કોલ આવતાં તેમના ખાતામાંથી રૂપિયા ૨ લાખ અને રૂપિયા ૬૭ હજાર ઉપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. છેતરપિંડીની જાણ થતાં તેમણે તાત્કાલિક બેંક ખાતું બ્લોક કરાવ્યું હતું અને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ



નોંધાવી હતી. આ મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ઇન્સ્પેક્ટર જીગ્નેશ જબરદાન ગઢવી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરા અલકાપુરીમાં આવેલી સોનીની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો ૭૨ ગ્રામ વજનના સોનાના ટૂકડા નજર ચૂકવીને લઇ ગયો હતો. જે અંગે સયાજીગંજ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. નિઝામપુરા રોડ સરદાર નગર સોસાયટીમાં રહેતા આશિષ કિરીટકુમાર સોની અલકાપુરી બી.એન. ચેમ્બર્સમાં કનુભાઇ જ્વેલર્સ નામની દુકાન ચલાવે છે. સયાજીગેજ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છેકે અમારી દુકાનની અંદર ચૌદ અને બહારના ભાગે બે કેમેરા છે. સવારે પોણા અગિયાર વાગ્યે અમારી દુકાન પર એક ગ્રાહકે આવીને જણાવ્યું કે, મારે ચાંદીનો ૧૦ ગ્રામનો સિક્કો જોઇએ છે. જેથી,સ્ટાફે તેઓને ચાંદીનો સિક્કો બતાવ્યો હતો.

ત્યારબાદ તેણે એવું કહ્યું કે, મારે સોનાની લગડી જોઇએ છે. જેથી,સ્ટાફે સોનાના ટૂકડા પ્લાસ્ટિકની થેલીમાં મૂકીને બતાવ્યા હતા. આ ગ્રાહકે પછી એવું કહ્યું કે, મારે સોનાનો તાર લેવો છે.ત્યારબાદ તેણે કહ્યું કે, બે હજાર રૂપિયા ચાંદીના સિક્કા પેટે રાખો અને સોનાના તારનો હિસાબ કરી રાખો.હું બહારથી મહારાજને બોલાવીને આવુ છું. મારે જૈન દેરાસરમાં જ મૂકવાનો છે. આટલું કહીને તે દુકાનની બહાર જતો રહ્યો હતો. થોડીવાર રાહ જોયા પછી પણ તે પરત નહીં આવતા અમે દુકાનમાં ચેક કરતા જાણ થઇ કે, જે ડબામાં સોનાની લગડી બતાવી હતી. તેમાં સોનાના ૭૨ ગ્રામ વજનના ટૂકડા કિંમત રૂપિયા ૧૦.૫૦ લાખના ગાયબ હતા. દુકાનની બહાર જઇને આજુબાજુ તપાસ કરતા આરોપી મળી આવ્યો નહતો. આમ ગ્રાહક બનીને આવેલો ગઠીયો સાડા દસ લાખનો ડામ દઇ ગયો હતો.

ગઠીયાઓ ગામે ગામ પડ્યા રહે છે , તક મળતાં જ ફેરવી નાખે છે લોકોના ગરીયાઃ વધુ બે ઠગાઇ

મહિલા વિમા એજન્ટ સાથે ડે. કલેક્ટરના ભાણીયાના નામે ફ્રોડ

વીમો ઉતારવાના નામે ઓળખાણ કેળવી પછી પોલીસીનો ગેરેન્ટેડ પ્લાન સમજાવી રોકડ, દાગીના પડાવી ગયોઃ બીજી તરફ સીંગતેલના વેપારી સાથે પોણા તેર લાખની છેતરપીંડી



રાજકોટ તા. ૨૭

ઠગાઇના બનાવો રોજબરોજ બની રહ્યા છે. નવી નવી કે પછી જુની તરકીબોનો ઉપયોગ કરીને ગઠીયાઓ ગામને છેતરી પોતાના ગજવા ભરી રહ્યા છે. આ વચ્ચે એક જીવન વીમાનું કામ કરતાં મહિલા એજન્ટ સાથે ઠગાઇ થઇ ગઇ હતી. નવી પોલીસી ઉતરાવવાના બહાને આવેલા ગઠીયાએ પોતાની ઓળખ નિવૃત ડેપ્યુટી કલેકટરના ભાણેજ તરીકે આપી હતી અને છેતરપીંડી કરી લીધી હતી. આ ઠગ મહિલાઓ ત્રણસો દસ ગ્રામ સોનુ અને રોકડ પણ પડાવી ગઇ હતી. પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં રહેતી અને લાઈફ ઈન્સ્યોરન્સ એજન્ટ તરીકે કામ કરતી મહિલા સાથે નવી પોલિસીના બહાને ત્રણસો દસ ગ્રામ સોનું અને લાખો રૂપિયાની રોકડ રકમ પડાવીને વિશ્વાસઘાત કરવાનો ગંભીર મામલો સામે આવ્યો હતો. ફરિયાદી બીનાબેન જગદીશભાઈ કોઢીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના મિત્ર હર્ષિત જોષીએ ફોન કરીને પ્રિતેશ મલેશભાઈ પંચાલ નામના શખ્સનો પરિચય કરાવ્યો હતો. આરોપી પ્રિતેશે પોતે નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટરનો ભાણીયો હોવાનું અને દાહોદમાં સોના-ચાંદીનો મોટો વેપાર કરતા હોવાનું જણાવી ખોટી ઓળખ આપી વિશ્વાસ કેળવ્યો હતો.

ત્યારબાદ પ્રિતેશ પંચાલે લાઈફ ઈન્સ્યોરન્સનું ગેરેન્ટેડ પ્લાન સમજાવીને તે પોલિસી લેવા માટે રૂ. ૫,૫૪,૦૦૦ની ઘટ હોવાનું કહી બીનાબેન પાસેથી અલગ-અલગ માધ્યમોથી નાણાં મેળવ્યા હતા. આ સાથે જ પોલિસીની સિક્યોરિટી પેટે બીનાબેનના બેંક લોકરમાંથી ૩૧૦ ગ્રામ જેટલું કિંમતી સોનું પણ મેળવી લીધું હતું. પ્રિતેશ પંચાલે સોનું લેબમાં ચકાસણી માટે લઈ જવાનું કહીને અલ્કાપુરી દર્શનમ કોમ્પ્લેક્સ ખાતે બોલાવ્યા હતા અને સોનું પોતાની પાસે રાખી લીધું હતું. ત્યાર બાદ સોનું કે રોકડ રકમ પરત માંગતા આરોપીએ અવારનવાર ફોન બંધ કરી દઈને અનેક બહાના બનાવીને ટાળી દીધું હતું.

આ સમગ્ર પ્રકરણમાં આરોપીની બહેન સોનાબેને પણ રકમ અને સોનું પરત અપાવવાની ખાતરી આપી હોવા છતાં અંત સુધી કઈ પરત કરવામાં આવ્યું નહોતું. જેથી ભોગ બનનાર મહિલાએ પ્રિતેશ પંચાલ અને અન્ય સામે વોટ્સએપ ચેટના પુરાવાઓ સાથે લેખિત ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી.

બીજી તરફ લાખોની વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં અમરેલીના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી ઓઇલ મીલના એક વેપારી સાથે સિંગતેલના વેપારમાં છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો હતો. સિંગતેલના ડબ્બા મંગાવી શખ્સના ખાતામાં પૂરતી રકમ ન હોવા છતાં રકમ બે ચેક આપ્યા હતા. અને બાદમાં રૂપિયા નહીં આપી વેપારી સાથે વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરી હતી. આ બનાવ અંગેની પોલીસમાંથી -ામ થતી વિગતો અનુસાર, અમરેલીની બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા અને મૂળ જાફરાબાદ તાલુકાના ફાચરિયા ગામના વતની જયંતીભાઈ છગનભાઈ પરમાર સાથે કલોલ રહેતા મજીદ હમીદભાઈ મેમણ નામના શખ્સે મોબાઈલ ફોન મારફતે સંપર્ક કરી વિશ્વાસમાં લીધા હતા.

આ પછી અલગ-અલગ ત્રણ તબક્કામાં સિંગતેલના ડબ્બા મંગાવવામાં આવ્યા હતા. વેપારીએ અલગ અલગ સમયે ૫૦, ૧૨૫ અને ૩૦૦ એમ કુલ ૪૭૫ ડબ્બા સિંગતેલ મંગાવ્યું હતું. જેની કિંમત ૧૨ લાખ ૭૬ હજાર ૨૧૭ થતી હોય આ માલની ચુકવણી પેટે શખ્સે અલગ-અલગ રકમના બે ચેક આપ્યા હતા જોકે, બેંક ખાતામાં તપાસ કરતાં પૂરતું બેલેન્સ ન હોવાનું સામે આવ્યું હતું. બાદમાં વેપારી દ્વારા વારંવાર નાણાંની ઉઘરાણી કરવા છતાં આ રકમ ચૂકવવામાં આવી ન હોવાથી તેઓ સાથે વિશ્વાસઘાત થયાની જાણ થતા આખરે વેપારી જયંતીભાઈ પરમારે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે અમરેલી પોલીસે કલોલ રહેતા મજીદ હમીદભાઈ મેમણ સામે ગુન્હો નોંધ્યો હતો અને તપાસ હાથ ધરી હતી.

વિદેશી ટૂલકિટ અને અરાજકતા ફેલાવવાની માનસિકતા સામે ભાજપનો જડબાતોડ જવાબ

વિપક્ષના ષડયંત્ર સામે ભાજપનો પલટવાર

'લોકતંત્ર બચાવો-ભીડતંત્ર હટાવો' અભિયાન હેઠળ રાજકોટમાં ૧૦ હજારથી વધુ લોકોની રેલી યોજાઈ

રાજકોટ, તા. ૨૭

ચૂંટણી પંચ અને ચીફ ઇલેક્શન કમિશનર જ્ઞાનેશકુમાર સામે ખોટા આક્ષેપો કરીને દેશની બંધારણીય સંસ્થાઓને બદનામ કરવાના વિપક્ષી ષડયંત્ર સામે ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય સ્તરે 'લોકતંત્ર બચાવો-ભીડતંત્ર હટાવો' અભિયાનની શરૂઆત કરી દીધી છે. આ જનાક્રોશ અને જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે આજે રંગીલા રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતેથી એક વિશાળ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહારેલીમાં રાજકોટ શહેર સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ભાજપના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો, કમિટેડ કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સામાન્ય નાગરિકો મળીને ૧૦,૦૦૦થી વધુ લોકોનો જનસાગર રસ્તા પર ઉતરી આવ્યો હતો અને વિપક્ષના રાજકીય એજન્ડા સામે આકરો વિરોધ નોંધાવ્યો હતો.





આ વિશાળ પદયાત્રાનું નેતૃત્વ ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન પ્રભારી તરુણ ચુગ, સહ-પ્રભારી અરૂણ બિનાડી, પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવે, પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજકોટ શહેર ભાજપ અધ્યક્ષ ડો. માધવભાઈ દવે અને પ્રદેશ ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવ સહિતના શિર્ષસ્થ નેતાઓએ કર્યું હતું. આ રેલીમાં સૌરાષ્ટ્રભરની તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતો, ગ્રામ પંચાયતો તેમજ માર્કેટ યાર્ડ જેવા ક્ષેત્રોમાં ભાજપના સિમ્બોલ પર ચૂંટાયેલા તમામ લોકપ્રતિનિધિઓ એકજૂથ થઈને જોડાયા હતા અને પક્ષની મજબૂત એકતા દર્શાવી હતી.

પદયાત્રા દરમિયાન વિપક્ષ પર આકરા પ્રહારો કરતા ગુજરાત પ્રદેશ ભાજપના પ્રભારી તરુણ ચુગે જણાવ્યું હતું કે, દેશના લોકતંત્ર, બંધારણીય સંસ્થાઓ અને સ્વતંત્ર ન્યાયતંત્ર સામે રાહુલ ગાંધીના નેતૃત્વમાં ખુલ્લેઆમ ગંભીર પડકારો ઊભા કરવામાં આવી રહ્યા છે. પરંતુ દેશના ૧૪૦ કરોડ નાગરિકો ભારતના લોકતંત્રની રક્ષા માટે ભાજપ સાથે મજબૂતાઈથી ઊભા છે. રાહુલ ગાંધી અને તેમના ષડયંત્રકારી સહયોગીઓ વિદેશી ટૂલકિટના સહારે પ્રદર્શનો કરીને દેશમાં માત્ર અરાજકતા અને અસ્થિરતાનું વાતાવરણ ઊભું કરવા માગે છે. સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચ પર દબાણ બનાવીને દેશની સંસ્થાઓની છબી ખરડવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે તેને દેશની જાગૃત જનતા ક્યારેય સહન નહીં કરે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, રાહુલ ગાંધીના મનમાં આજે પણ તેમની દાદી ઇન્દિરા ગાંધીની જેમ દેશમાં 'ઇમરજન્સી' લાદવાની કાળી માનસિકતા કામ કરી રહી છે, પરંતુ દેશમાં અરાજકતા ફેલાવનારા આવા ષડયંત્રો સામે દેશની જનતા આજે રસ્તા પર ઉતરીને જડબાતોડ જવાબ આપી રહી છે. દેશ ક્યારેય અરાજકતા કે ભીડતંત્રથી નહીં પણ માત્ર લોકતંત્રથી ચાલશે અને સમગ્ર દેશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વાસ ધરાવે છે.

બીજી તરફ, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કોંગ્રેસની હતાશા પર નિશાન સાધતા કહ્યું હતું કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ સતત દેશની અંદર અરાજકતા ફેલાવીને ભોળી જનતાને ભડકાવવાનું હીન કામ કરી રહ્યા છે. દેશમાં પદ કરતાં પણ વધુ વિધાનસભા ચૂંટણીઓમાં હારનો સામનો કરી ચૂકેલી અને મોટાભાગના રાજ્યોમાંથી ફેંકાઈ ગયેલી કોંગ્રેસ પાસે હવે કોઈ જનાધાર કે રાજકીય શક્તિ બચી નથી. પરિણામે, હારથી બોખલાયેલી કોંગ્રેસ હવે વિદેશી તાકાતોના ઈશારે દેશના યુવાનોને ભડકાવવાનું અને દેશના અર્થતંત્રને ખોરવવાનું કામ કરી રહી છે, જેને જનતા ક્યારેય માફ નહીં કરે. જ્યારે બીજી તરફ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત'ના સંકલ્પ સાથે દેશના યુવાનો, ખેડૂતો, માતાઓ અને બહેનોને સન્માન આપીને આગળ ધપાવી રહ્યા છે.

ગુજરાત રાજ્યના તમામ મોટા શહેરોમાં ભાજપ દ્વારા આ 'લોકતંત્ર બચાવો' અભિયાન આક્રમક રીતે ચલાવવામાં આવી રહ્યું છે. આ પદયાત્રાના માધ્યમથી વિપક્ષી દળોના નકારાત્મક રાજકીય એજન્ડાનો જડબાતોડ જવાબ આપીને ભાજપના લોકશાહી અભિગમ અને સત્યને જન-જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

રાષ્ટ્રીય એકતા દિવસની તૈયારીઓ પૂરજોશમાં

મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક : ૩૦ ઓક્ટોબરે ખેડૂતોના ખાતામાં જમા થશે પીએમ કિસાનનો ૨૪મો હપ્તો, ૩૧ ઓક્ટોબરે ઊજવાશે 'રાષ્ટ્રીય એકતા દિવસ'



રાજકોટ, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત યાત્રા અંતર્ગત આગામી ૩૦ અને ૩૧ ઓક્ટોબરના રોજ રાજ્યભરમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાજ્યવ્યાપી ઉજવણીના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં યોજાનારા કાર્યક્રમોની તૈયારીઓ અંગે જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા સહિતના પદાધિકારીઓએ ઉપસ્થિત રહીને સમગ્ર આયોજન અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આગામી ૩૦ ઓક્ટોબરના રોજ ડીસા-ભીલડી ખાતેથી ''પી.એમ. કિસાન ઉત્સવ'' દિવસની ઉજવણીના ભાગરૂપે ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન યોજનાનો ૨૪મો હપ્તો જમા કરવામાં આવશે. જ્યારે ૩૧મી ઓક્ટોબરે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે એકતા નગર ખાતે ભવ્ય પરેડ સહિતના રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમો યોજાશે.

આ રાજ્યવ્યાપી ઉજવણીના ભાગરૂપે રાજકોટ જિલ્લાના દરેક તાલુકા, નગરપાલિકા અને ગ્રામ્ય કક્ષાએ અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જિલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાએ યોજાનારા વિવિધ કાર્યક્રમોની સમગ્ર રૂપરેખા પૂરી પાડી હતી. જે અંતર્ગત જિલ્લા અને તાલુકા કક્ષાએ લાભાર્થી ખેડૂતોનું સન્માન, સામાજિક અગ્રણીઓનું સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ પ્રધાનમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવેલા સમગ્ર આયોજનની પ્રશંસા કરી સંબંધિત વિભાગોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, ભાનુબહેન બાબરીયા, ડો. દર્શિતાબહેન શાહ, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, અગ્રણી ગોરધનભાઈ ધામેલીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, ડી.સી.પી. જગદીશ બાંગરવા, નિવાસી અધિક કલેક્ટર જે.એચ.બારોટ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ પ્રત્યક્ષ તેમજ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રાંત અધિકારીઓ અને મામલતદારો ઉપસ્થિત રહ્યા હતા.

કલેક્ટર સમક્ષ વેદના ઠાલવી નાણાં પરત અપાવવા કડક માંગ

સહારામાં કરોડો ફસાતાં રોકાણકારોમાં આક્રોશ

સુપ્રીમ કોર્ટમાં માત્ર તારીખો પડતાં અને CRCS પોર્ટલ પર ૯૯ ટકા લોકોને 'ડેફિશિયન્સી'ના મેસેજ મળતાં પીડિતો આર્થિક-માનસિક કટોકટીમાં

રાજકોટ, તા. ૨૭

સહારા ઈન્ડિયા પરિવારમાં વર્ષો પહેલાં પોતાની મહેનતની પૂંજી રોકીને સલવાઈ ગયેલા રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના લાખો રોકાણકારોની સ્થિતિ દિન-પ્રતિદિન વધુ દયનીય બની રહી છે. લાંબા સમયથી પોતાના જ નાણાં પરત મેળવવા માટે રઝળપાટ કરી રહેલા પીડિત રોકાણકારો તેમજ સહારાના સ્થાનિક કાર્યકર્તાઓએ આજે એકઠા થઈ રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ રજૂઆત દરમિયાન રોકાણકારોએ તંત્ર સમક્ષ પોતાની હૃદયદ્રાવક વ્યથા રજૂ કરી હતી અને ફસાયેલા નાણાં વહેલી તકે પરત મળે તે માટે વહીવટી સ્તરેથી મધ્યસ્થી કરવામાં આવે એવી આજીજી કરી હતી. સહારા-સેબીના લાંબા સમયથી ચાલી રહેલા વિવાદને કારણે રોકાણકારોની સાથે સાથે સહારામાં કામ કરતા સ્થાનિક કર્તાઓ પણ બેવડા દબાણ હેઠળ પીસાઈ રહ્યા છે.

આવેદનપત્રમાં રોકાણકારોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં હોવા છતાં તારીખ પર તારીખો જ મળી રહી છે અને સામાન્ય રોકાણકારોને કોઈ રાહત મળતી નથી. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા સી.આર.સી.એસ. (CRCS) પોર્ટલની કામગીરી પણ અત્યંત નિરાશાજનક રહી છે, જેમાં સમગ્ર ભારતમાં માત્ર ૨ થી ૩ ટકા લોકોને જ પેમેન્ટ મળી શક્યું છે. રોકાણકારો પોતાના નાણાં પાછા મેળવવા માટે સતત સીએસસી (CSC) સેન્ટરોના ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ ૯૯ ટકા અરજદારોને કોઈને કોઈ ટેકનિકલ કે કાગળની ખામી દર્શાવીને 'ડેફિશિયન્સી'ના મેસેજ આપી હાથ ઊંચા કરી દેવામાં આવે છે.



પોતાની જમાપૂંજી બ્લોક થઈ જવાને કારણે સૌરાષ્ટ્રના અનેક પરિવારો આજે સામાજિક અને આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે. લોકો પોતાના ઘરના સભ્યોની ગંભીર બીમારીઓમાં દવા-સારવાર કરાવવા, બાળકોના ઉચ્ચ શિક્ષણની ફી ભરવા કે પુત્ર-પુત્રીઓના લગ્ન જેવા આયોજનો માટે પણ પોતાના જ નાણાં વાપરી શકતા નથી. નાણાં અને આજીવિકાના અભાવે સૌરાષ્ટ્રમાં અનેક રોકાણકારો સમયસર સારવાર ન મળવાથી કે આર્થિક સંકટના કારણે મૃત્યુ પામ્યા છે, તો ગ્રાહકોના સતત દબાણથી કંટાળીને કેટલાક કાર્યકર્તાઓએ આત્મહત્યા કરી લીધી છે અને કેટલાકે સામાજિક ડરના કારણે ઘરબાર છોડીને પલાયન કરી જવાની નોબત આવી છે.

આ તમામ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને રોકાણકારો અને કાર્યકર્તાઓએ તંત્ર સમક્ષ સ્પષ્ટ માંગણી કરી છે કે સહારાની સ્થાનિક બ્રાન્ચ ઓફિસોમાંથી જ નાણાં પરત મળે તેવી વ્યવહારુ વ્યવસ્થા ગોઠવવામાં આવે અથવા તો જિલ્લા મથકે ખાસ લોકલ ઓફિસ ખોલાવીને લોકોને સીધા નાણાં આપવાની કામગીરી શરૂ કરાવવામાં આવે. આ ઉપરાંત, ગ્રાહકો તરફથી થતા અસહ્ય દબાણ અને પોલીસ તરફથી મળતી ધમકીઓ તાત્કાલિક બંધ થાય તે માટે કાર્યકર્તાઓને રક્ષણ આપવાની પણ માંગ કરવામાં આવી છે. પોતાની વેદના શાંતિપૂર્ણ રીતે સરકાર સુધી પહોંચાડવા માટે પોલીસ બંદોબસ્ત હેઠળ મૌન રેલી કાઢવાની પરવાનગી આપવામાં આવે તેવી પણ આવેદનપત્ર દ્વારા કલેક્ટર સમક્ષ અપીલ કરવામાં આવી છે.

સેન્ટ્રલ ઝોનના ૬ વોર્ડમાં રોડ-રસ્તા ચમકશે

૪૫.૭૬ કરોડના ડામર કામના ટેન્ડર જાહેર! : પાણીની ડી.આઈ. પાઇપલાઇન અને ડ્રેનેજ માટે થયેલા ખોદકામ અને ચોમાસામાં બગડેલા રસ્તાઓનું કાયમી નિરાકરણ

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને ખાડા, ધૂળ અને ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવવા માટે એક મોટું અને રાહતદાયક પગલું ભરવામાં આવ્યું છે. છ વર્ષ પહેલાં રાજકોટ મહાપાલિકાની હદમાં ભળેલા માધાપર સહિતના સેન્ટ્રલ ઝોનના અડધો ડઝન વોર્ડમાં ડામર કામ (રી-કાર્પેટ) અને ડિઝાઇન રોડ બનાવવા માટે રૂ. ૪૫.૭૬ કરોડના મસમોટા ટેન્ડર બાંધકામ શાખા દ્વારા આજે સત્તાવાર રીતે બહાર પાડવામાં આવ્યા છે. નવા વિસ્તાર હોય કે જુના રાજકોટના ગીચ વેપારી વિસ્તારો, સોસાયટીઓ કે પછી જુદી જુદી રહેણાંક શેરીઓ-તમામ જગ્યાએ સુધારેલા રસ્તાઓ માટે ઓફરો મંગાવવામાં આવી છે.

આ ટેન્ડર પ્રક્રિયા અંતર્ગત વોર્ડ નં. ૨, ૩ (માધાપર સહિત), ૭, ૧૩, ૧૪ અને ૧૭ માં વ્યાપક ડામર કામ હાથ ધરવામાં આવશે. આ માટે તા. ૨૭-૧૦ થી ૧૮-૧૧ સુધી ઈ-ટેન્ડર ડાઉનલોડ કરી શકાશે, જ્યારે તા. ૩ ના રોજ પ્રિ-બીડ, તા. ૧૮-૧૧ ના રોજ ઓનલાઇન અને તા. ૨૫-૧૧ સુધીમાં ફિઝીકલ સબમિશન હાથ ધરાશે. તંત્રની આ ઝડપી કાર્યવાહીથી જો સમયસર કામ નક્કી થઈને સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર થઈ જાય, તો દિવાળી બાદ તરત જ જૂના રાજકોટ અને નવા વિસ્તારોના રસ્તાઓ ડામરથી મઢી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ડામરના ભાવોમાં થતી વધઘટની શરતે 'સ્ટાર રેટ'ની જોગવાઈ રાખવામાં આવી છે, છતાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ડામર રોડ સહેજ મોંઘા પડે તેવી પૂરી શક્યતા છે.

મધ્ય રાજકોટમાં છેલ્લા દોઢ વર્ષ દરમિયાન પીવાના પાણીની ડી.આઈ. પાઇપલાઇન અને ડ્રેનેજ લાઇન નાખવા માટે મોટા પ્રમાણમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. આ અનિવાર્ય ખોદકામને કારણે અને ગત ચોમાસામાં પડેલા ભારે વરસાદ તથા સતત વાહનોની અવરજવરના લીધે સેન્ટ્રલ ઝોનના રસ્તાઓ સંપૂર્ણપણે ભાંગીને ભૂકો થઈ ગયા હતા. તંત્ર દ્વારા અગાઉ માત્ર પેચવર્ક કરીને કામચલાઉ રિપેરિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ ભારે ટ્રાફિકના દબાણને કારણે ફરીથી ખાડા પડી ગયા હતા. તાજેતરમાં મળેલી છેલ્લી સામાન્ય સભામાં કોર્પોરેટરોએ આ 'ભંગાર રસ્તાઓ'નો ગંભીર પ્રશ્ન જોરશોરથી ઉઠાવ્યો હતો. કોર્પોરેટરોએ એવી પણ માગણી કરી હતી કે ડામર કામનો કોન્ટ્રાક્ટ અપાય, ખાતમુહૂર્ત થાય અને તેની સાથે જ સમયસર ગુણવત્તાસભર કામ પૂરું પણ થાય. આ જનભાવનાને ધ્યાનમાં રાખીને હવે તંત્ર દ્વારા નવેસરથી પેવર અને ડામર કામ કરવાનો કડક નિર્ણય લેવાયો છે, જેમાં એજન્સીઓને પણ કામ સમયસર અને ગુણવત્તાયુક્ત કરવા અંગે કડક તાકીદ કરવામાં આવે તેવી સંભાવના છે.

સેન્ટ્રલ ઝોનમાં મુખ્યત્વે શહેરની જૂની બજારો અને અતિ ગીચ વિસ્તારો આવેલા છે, જ્યાં રોજબરોજ હજારો લોકોની અવરજવર રહે છે. આ પ્રોજેક્ટ હેઠળ માધાપર ઉપરાંત યાજ્ઞિક રોડ, દસ્તુર માર્ગ, સરદારનગર મેઈન રોડ, ટાગોર માર્ગ, રેસકોર્સ રિંગ રોડ, રૈયા રોડ, એરપોર્ટ રોડ, જામનગર રોડ, રેલવે જંક્શન સ્ટેશન રોડ, લોહાણા પરા મેઈન રોડ, મોચી બજાર મેઈન રોડ, પરા બજાર, દાણાપીઠ, ઢેબર રોડ, ગોંડલ રોડ, લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, ભૂપેન્દ્ર રોડ, સોની બજાર, પેલેસ રોડ, કેનાલ રોડ, ૮૦ ફૂટ રોડ, જૂનો પારડી રોડ, અટીકા ઢેબર રોડ સાઉથ, કોઠારીયા રોડ અને હરિ ધવા માર્ગ જેવા મહત્વના વિસ્તારો તથા માર્ગો કાયાકલ્પ અનુભવશે. અગાઉ એક્શન પ્લાન હેઠળના ટેન્ડરમાં ૬૨ ટકા જેટલી 'ઓન' આવવાના કારણે આ કામ અટવાયું હતું, પરંતુ હવે નવા ટેન્ડર પ્રસિદ્ધ થતા લોકોમાં ભારે આશા જાગી છે. સેન્ટ્રલ ઝોન બાદ હવે આગામી દિવસોમાં ઇસ્ટ અને વેસ્ટ ઝોનમાં પણ ડામર કામના ટેન્ડર બહાર પાડવાની તંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે, જેનાથી સમગ્ર રાજકોટવાસીઓને લાંબી રાહત મળશે.

